# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | પૂ.મા | ૩ |
| મનોનિગ્રહ | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| પૂ.માના સાન્નિધ્યમાં– | | |
| એક અભિનવ પારાયણ | શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૧૦ |
| આંચ નહીં આવે (કાવ્ય) | દક્ષેશ કોન્ટ્રાક્ટર (ચાતક) | ૧૬ |
| 'Thought on Age and Giving' | Eillen Caddy | 19 |
| ભક્તિની એક બીજી ધારા | અનુ : તંત્રી, યોગેશ્વરજી | ૨૧ |
| સંબંધોના સમીકરણ | ડૉ. આઈ. કે. વીજળીવાળા | ૨૬ |
| હે નાથ! હું આપને ભૂલું નહીં | સ્વામીજી શ્રીરામસુખદાસજી | ૩૨ |
| પત્ર પ્રસાદી | યોગેશ્વરજી | ૩૫ |
| રોગનિવારણમાં રામનામ | ગાંધીજી | ૩૭ |
| દક્ષિણ ભારતના ધાર્મિક વડા સાથે | અનુ : શ્રીયોગેશ્વરજી,પોલ બ્રન્ટન | ૪૨ |
| પૂ.માની સ્વીઝર્લેન્ડની યાત્રા | મા સર્વેશ્વરી | ૪૬ |
| પ્રસન્નતા અને લજ્જા | સંતવાણી | ૫૧ |
| પ.પૂ.મહારાજ શ્રી રણછોડદાસજીના જીવનના પ્રેરક પ્રસંગો | દમયંતીબેન સેજપાલ | ૫૪ |
| પ્રભુપ્રાપ્તિનો માર્ગ | શ્રીમદ્ રાજચંદ્ર | ૬૦ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સદ્‌ભાવભરી સહાય

**શ્રી મીનાક્ષીબેન બી.એડના વર્ષમાં સહાધ્યાયી તરીકે માને મળ્યાં. સાધના વિદ્યાલયના કાર્યક્ષેત્રમાં પણ સાથે જ રહ્યાં.**

**મા પ્રત્યેનો પ્રેમભાવ શ્રદ્ધાભક્તિ ભર્યા પૂજ્યભાવમાં પલટાયા. શ્રી વિનોદભાઇ જેવા સાહિત્યપ્રેમી સાથી તરીકે મળ્યા તો બન્ને સાથે સ્વર્ગારોહણ આવતા થયાં. અધ્યાત્મને રસથી વધાવતાં રહ્યાં.**

**આજે આ અંક આપ અધ્યાત્મ જગતને પ્રસાદમાં ધરી એનો આર્થિક ભાર ઉપાડી રહ્યાં છો. ધન્યવાદ. તમારી સમજ શક્તિને, તમારી ભક્તિને. પ્રભુ આવાં સત્કર્મો કરાવતા રહો એ જ પ્રાર્થના.**

**આશીર્વાદ પ્રભુના**
**—મા સર્વેશ્વરી**



# મનોનિગ્રહ

**—યોગેશ્વરજી**

પ્રત્યેક સાધક સૌથી પહેલાં સમજી લે કે એ મહાબાહો છે. સામાન્ય નથી. ક્ષુલ્લક નથી. વિરાટ છે. અસીમ શક્તિથી સંપન્ન છે. પરમાત્માનો પરમપવિત્ર પ્રતિનિધિ, પરમાત્મરુપ છે. શુદ્ધ, બુદ્ધ, મુક્ત પૂર્ણ દિવ્ય છે. એની દબાયેલી દિવ્યતાને એણે પ્રકટ કરવાની છે એટલું જ. મન એના કરતાં મોટું નથી. એ પોતે એનાથી મહાન છે એટલે એના પર નિયંત્રણ કરી શકશે. એણે નાહિંમત બનવાની લેશ પણ આવશ્યકતા નથી. આત્મવિકાસની એની સમક્ષ વિસ્તરેલી નવી ક્ષિતિજોનો એણે લાભ લેવાનો છે. એને માટે કશું જ અશક્ય નથી. એના સ્વરૂપની સ્વાનુભૂતિ સરળ છે. મનોનિગ્રહની સિદ્ધિ પણ એ સહેલાઇથી કરી શકે તેમ છે. એને માટે એ પ્રામાણિક પ્રયત્ન કરે એટલીજ વાર છે. યોગદર્શનનાં સંભળાવતાં જણાવે છે કે **अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ।** એટલે ચિત્તનો નિરોધ અભ્યાસ અને વૈરાગ્યનાં બે અગત્યનાં સાધનો દ્વારા સાધી શકાય છે.

મનનો નિગ્રહ સાધી શકાય છે એવું જણાવીને યોગદર્શન મનોનિગ્રહની આકાંક્ષાવાળા અભ્યાસી સાધકોને અને સામાન્ય માનવને અવનવીન ઉત્સાહ પૂરો પાડે છે. મનોનિગ્રહ અશક્ય છે, અઘરો છે, લોઢાના ચણા ચાવવા જેવો મુશ્કેલ છે, માટે સામાન્ય સાધકોનું એમાં ગજુ નહીં : એની સિદ્ધિ તો કોઇ દૈવી અસાધારણ અધિકાર અથવા ઈજારાવાળા સાધકો જ કરી શકે, એવો અભિપ્રાય એ નથી આપતું. એ ગર્ભિત રીતે સૂચવવા

માગે છે કે યોગસાધનાની અભિરુચિથી પ્રેરાઈને યોગના મંગલમય મંદિરદ્વારે જે પણ આવે છે એ અધિકારી જ છે. માનવમાત્ર અધિકારી. યોગસાધનાની અભિરુચિવાળા અને ભવિષ્યમાં પણ એની અભિરુચિથી અલંકૃત બનશે તે બધાજ. બધાજ એના અધિકારી જે ચાહે તે બધાજ મનોનિગ્રહથી સંપન્ન બની શકે. મનોનિગ્રહ અને સ્વરૂપસાક્ષાત્કાર માનવમાત્રનો જન્મસિદ્ધ અધિકાર અથવા ઈજારો છે. એને એણે કર્મસિદ્ધ કરવાનો છે.

સાચા માણસને ચિંતા હોતી નથી ડાહ્યા માણસને મુઝવણ હોતી નથી અને બહાદુર માણસને ડર હોતો નથી.

જ્યારે દુઃખનો વરસાદ વરસે ત્યારે ધીરજની છત્રી જ કામ લાગે.

આપતાં પહેલાં એકવાર વિચાર કરવો, લેતાં પહેલા બે વાર અને માંગતાં પહેલાં હજાર વાર.

આળસની ગતિ એટલી ધીમી છે કે ગરીબાઇ એને પકડી પાડે છે.




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૫ જૂન—૨૦૧૩ અંક ૯


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—અલકાપુરી, વડોદરા ૫૫, અરૂણોદય સોસાયટી**

**શનિવાર ૨૨/૫/૮૨**

સમયસર બધું જ કાર્ય પૂ.શ્રી કરે છે. આજે ચાર દોહા જેટલું લેખનકાર્ય પૂ.શ્રી કરે છે.

સમયસર ભોજન કરી લેવાનું બને છે. બપોરે શ્રી નંદુભાઇ અમદાવાદથી આવે છે. મુલાકાતના સમયે પૂ.શ્રી તેમની સાથે વાતો કરે છે. સાંજે થોડું લેખનકાર્ય કરે છે.

સાંજે મુલાકાતના સમયે એક સંન્યાસી પુરુષ મળવા આવે છે. સંન્યાસી પુરુષને રામાયણ સાંભળવાની ઈચ્છા થઈ. પૂ.શ્રીએ તેમની ઈચ્છા પૂરી કરી. ત્યાં તો આઠ વાગી ગયા. રામાયણના વિવિધ પ્રસંગોની પૂ.શ્રીએ ચર્ચા કરીને કાવ્યગાન કરી સંભળાવ્યું.

આજે પ્રશ્નોત્તરીમાં એક જ પ્રશ્ન પૂછાયો.

**પ્રશ્ન :** ૐ ત્ર્યંબકં યજામહે. એ મંત્ર મહામૃત્યુંજયને નામે ઓળખાય છે. કોઇ ભયંકર માંદગી હોય. અસાધ્ય રોગ હોય, મૃત્યુનો ડર લાગે ત્યારે આ મંત્ર જપથી લાભ થાય છે.

**પૂ.શ્રી :** જુઓને, જગતના કેટલાયે માનવો મૃતપાય જ છે ને! કેટલાંકને મોંઘવારી એ જીવતાં જ મૃતપાય કર્યા કેટલાંકને બેકારીએ, કેટલાંકને સમાજે, કેટલાંકને સ્ત્રીએ મૃતપાય કર્યા. તો તે સૌમાં જીવનશક્તિની જરૂર છે.

તે માટે તમે જ શક્તિથી સંપન્ન થાઓ.

સમય થતાં સૌ પ્રણામ કરી વિદાય લે છે. પૂ.શ્રી કણકી, દૂધ ને બટાકાવડા લે છે.

★ ★ ★

**સ્થળ, ૫૫ અરૂણોદય સોસાયટી, અલાકપુરી, વડોદરા**

**તા. ૨૩/૦૫/૮૨ રવિવાર**

આજે બપોરના સમયે બેઠક જેવું ન હતું. પૂ.શ્રી સાથે વાતો થાય છે.

મોરબીના પૂ.શ્રીના ચાહક શ્રી કલોલા પોતાના પુત્રની કંકોત્રીમાં યોગેશ્વરજીની કૃપાથી લગ્ન નક્કી થયાં છે. એવું લખાવ્યું એ અંગે પૂ.શ્રીએ કહ્યું, કોઇ એવું લખાવે કે યોગેશ્વરજીની કૃપાથી મોક્ષ મળ્યો છે. યોગેશ્વરજીની કૃપાથી વ્યસન છૂટ્યું છે. યોગેશ્વરજીની કૃપાથી જપ કરતો થયો છું. એવું બધું છપાવે તો તે સમજી શકાય એવી વાત છે. લગ્ન ન કરવાનો નિર્ણય યોગેશ્વરજીની કૃપાથી લીધો છે. એ બધી વાતો



વાંચતા આશ્ચર્ય ન થાય, પણ કોઇના લગ્ન યોગેશ્વરજીની કૃપાથી થયાં તે વાંચી આશ્ચર્ય થાય.

સાંજની બેઠકમાં આજે વીજળી ન હોવાથી ઉપર લોબીમાં સમય થતાં ભાઇબેનો આવીને બેઠાં.

બે ભજનો ગવડાવ્યાં. પછી કોઇ એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પૂ.શ્રીએ કહ્યું :—

પરમાત્માનું સ્મરણ તે પુણ્ય. તેનું વિસ્મરણ તે અપરાધ. બીજાને સુખી કરો તે પુણ્ય. બીજાને દુઃખી કરો તે અપરાધ. બીજાના સુખ માટે ખિસ્સુ કાપવા દેવું તે તામસસુખ, પણ ભૂખ્યાને રોટલો આપવો તે સાત્ત્વિકસુખ, નીતિ ને વિવેકની મર્યાદામાં રહીને બીજાને સુખ આપી શકાય તે સાત્ત્વિકસુખ. ગમે તે સંજોગોમાં નીતિને તો વળગી જ રહો.

બીજા એક પ્રશ્નના ઉત્તરમાં પૂ.શ્રીએ કહ્યું :— આપણને કોઇ બનાવી ન જાય. આપણને કોઇ બગાડી ન જાય. આપણને કોઇ ભગાડી ન જાય તે માટે સતત સાવધાન રહેવું જોઇએ.

**પ્રશ્ન :—** આપને હિમાલયમાં ક્યું સ્થળ વધારે તલસાવે તેવું લાગ્યું હતું?

**પૂ.શ્રી :—** અમારા તો બધાંજ તલસાટ શાંત થઇ ગયા છે. હિમાલય જવાની ઇચ્છા હતી, તલસાટ ન હતો.

**પ્રશ્ન :—** હિમાલયની કેટલી ઉંચાઇ ઉપર આપ પહોંચ્યા?

**પૂ.શ્રી :—** ફૂટપટ્ટીથી મપાય એમ છે? અમે તો પરમાત્માની ઉંચાઇ સુધી પહોંચ્યા.

અમે ભૂગોળની દૃષ્ટિએ જોઇએ તો વિમાનમાં અમે બેઠાં ત્યારે ઘણીવાર જાણવા મળતું કે વિમાન ૨૦, ૨૫ હજાર ફૂટ ઉંચે ઉડી રહ્યું છે.

પણ ભૂગોળની ઉંચાઇ કરતાં જીવનની આત્માની ઉંચાઇ મહત્ત્વની છે.

**પ્રશ્ન :–** બધાં સંતો ઉંચાઇ ઉપર જ કેમ નામસાધના કરે છે?

**પૂ.શ્રી :–** એવું નથી. તુકારામ, નરસિંહ મહેતા, રમણમહર્ષિ, રામદેવ, અરવિંદ વગેરેયે નીચે રહીને જ સાધના કરી.

ગમે તે ઉંચાઇ પર જાઓ પણ ત્યાં રહીને તપ કરો છો કે નહીં, તે મહત્ત્વનું છે.

આજની પ્રશ્નોત્તરીબાદ શ્રોતાઓએ સર્વેશ્વરી પાસે ભજનની ઈચ્છા રાખી. જેથી બે ભજનો સર્વેશ્વરીએ સંભળાવ્યાં.

સત્સંગ પૂર્ણ થયો.

**૨૪/૦૫/૮૨ સોમવાર**

આજે મૌન વાર હતો. આજે કપૂરાથી શ્રી રમેશભાઇ મળવા આવ્યા. તેમની સાથે લખીને વાતો થઇ. આવતીકાલથી યાત્રા શરૂ થશે જેથી તેની થોડી તૈયારી કરી. આજની બપોરની બેઠકમાં બેનોના જીવનની થોડી વાતો થઇ.

સાંજનો સત્સંગ સમયસર શરૂ થયો.

(ક્રમશઃ)



## પૂ.માના સાન્નિધ્યમાં

# એક અભિનવ પારાયણ

(ગતાંગથી ચાલુ) –શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદી

**પ્રથમ ભાગ સમાપ્ત**

**પ્રકાશના પંથે ભાગ–૨**

**પ્રકરણ ૧૦૬ ભયંકર બિમારી**

**પૂ.શ્રીમા :–**ભયંકર માંદગીના બિછાને પણ કેવી માનસિક સ્વસ્થતા! ને આપણે તો એક નાનકડા પ્રણામના નિયમમાં પણ છટકબારી શોધતાં રહીએ છીએ. ને જરાક માથું ને પગ દુઃખે તો આભ તૂટી પડ્યું હોય એવાં કહકાં કરીને નિયમને ભૂલી જઇએ છીએ. પૂ.શ્રી આ બધું કષ્ટ વેઠીને આપણને શીખવે છે કેવી ભયંકર માંદગી છતાં કદી એવો વિચાર ના કર્યો કે ગુજરાત જતા રહીએ. ઘરે જતા રહીએ. આપણને કંઇક થાય તો વિચારીએ પારાયણ ભલે ચાલે, ગંગાજીનો પવિત્ર અંક ભલે હોય, આપણું મન કેવું છે, તરત જ ભાંગી પડે છે. નબળા વિચારો કરવા માંડે છે. પૂ.શ્રીની માનસિક સ્વસ્થતા આટલી ભયંકર માંદગીમાં પણ અકબંધ રહી. આ લખ્યું છે, તે સાચું છે.

અમે પૂ.શ્રીની માનસિક સ્વસ્થતા હાર્ટએટેકની બિમારીમાં પણ જોઇ છે. લગભગ ૧ મહિનો હોસ્પિટલમાં ને તે પછી ૩ મહિના અમદાવાદના ચારૂલ ફ્લેટસમાં ને તે પછી દવા ગરમ પડતાં ફીશરની માંદગી પણ પૂ.શ્રીએ જોઇ. એવા કષ્ટપ્રદ

સમયમાં કદી કોઇ દિવસ એક પણ નાની ફરિયાદ કરી નથી કે મારા પગ દુ:ખે છે, મારું માથું દુ:ખે છે, ખૂબ શાંતિથી સૂઇ રહેતા. ને સાંજે પોતાનો પ્રાર્થનાનો સમય થાય એટલે કહી દે મને ના બોલાવતાં, હું પ્રાર્થનામાં છું. તમને થશે કે મા તો સાથે હતાં, તો મા પાસે રોજ પગ દબાવતા? ના, કદી નહીં! તો બીજું શું? સેવા માત્ર દવા આપવાની. પૂ.શ્રીના અસ્વસ્થ શરીરને સ્પર્શ કરીને સ્નાન કરાવવાની સેવા. ફીશરની તકલીફમાં પણ ભયંકર વેદના. કેટલીક વખત તો અસહ્ય વેદના થાય આંખમાં આંસુ આવતાં પણ મન સ્વસ્થ. કોઇ ફરિયાદ ન કરે. કોઇ ડૉક્ટરને પણ કોઇ ફરિયાદ નહીં. પોતે જ થોડો સમય થતાં ચાલવાનું શરૂ કર્યું. એટલે ભયંકર માંદગીમાં પણ પૂ.શ્રીમાં જે સ્વસ્થતા હતી તે એક સ્થિતપ્રજ્ઞ મહાપુરુષની અવસ્થા હતી.

અમે એજ રીતે માતાજીની પણ છેલ્લી માંદગી જોઇ. માતાજી પણ શાંતિથી સૂઇ રહેતાં. કોઇ ફરિયાદ ના કરતાં. મળવા આવનાર રમણમામા કે બાબુભાઇ વોરાને માતાજી સરસ સરસ વાતો કરે. જાણે પોતાના જીવનનો સાર રમણમામા બાબુભાઇને, તારાબ્હેનને કહી બતાવતાં. કોઇ કોઇનું નથી. એવી સરસ વાતો માતાજી પણ કરતાં. માંદગીની દશામાં પણ પૂ.શ્રીને ઈશ્વરની કૃપાના અનુભવ ચાલુ જ રહેતા. રમણમહર્ષિનું દર્શન આવી માંદગીમાં ઘણીવાર થતું તો હાર્ટએટકની માંદગીમાં પૂ.શ્રી કહેતા, દરરોજ બપોરે જગદંબા પ્રગટ થઈને મારા આખા શરીરે હાથ ફેરવીને મને હળવાશ ધરી રહ્યાં છે એવું કહેતા. એટલે દુ:ખના સમયે પણ સ્વસ્થમન.



આ આખું પ્રકરણ માંદગીના વર્ણન સાથે, સાધનાની ચિંતા સાથે મહાપુરુષના આશીર્વાદમાં કેવી શ્રદ્ધા છે. આ બધું જ આ પ્રકરણમાં આપણને શીખવા મળ્યું છે. અમે દેવપ્રયાગ ગયાં ત્યારે વૈદ્યરાજ જીવતા હતા. મગનલાલ ભટ્ટ પણ ન હતા પણ તેમનાં પત્નીને મળ્યાં. દેવપ્રયાગમાં એ વૈદ્યરાજ જેમણે નવરાત્રિના ઉપવાસ દરમ્યાન પેંડા મોકલેલા તે વૈદ્યરાજને પૂ.શ્રીએ પોતાના ઉતારા ઉપર ખાસ બોલાવ્યા. અમે જ્યારે દેવપ્રયાગ પહોંચ્યા ત્યારે મગનલાલના ઘરે પણ પૂ.શ્રી અમને લઇ ગયા. મહાપુરુષ પાસેથી એવી સ્વસ્થતા શીખવા જેવી છે. પ્રભુ પરાયણ મન શરીરથી ઉપર ઉઠીને કેવી સ્વસ્થતા રાખી શકે તે પૂ.શ્રીના જીવનમાં જોવા મળે છે.

**પ્રકરણ ૧૦૭ સરોડા અને કાબોદ્રા**

**પ્રકરણ ૧૦૮ જ્ઞાનેશ્વર મહારાજની આલંદીમાં કૃપા**

**પ્રકરણ ૧૦૯ કુંભ મેળો**

**પ્રકરણ ૧૧૦ શાંતાશ્રમની તપોભૂમિમાં**

**પ્રકરણ ૧૧૧ માતાજીની માંદગી**

**પ્રકરણ ૧૧૨ અમરનાથ યાત્રા**

**પ્રકરણ ૧૧૩ દક્ષિણેશ્વરનું પુનઃ પ્રસ્થાન**

**પ્રકરણ ૧૧૪ જગન્નાથપુરીને ભુવનેશ્વર**

**પૂ.શ્રીમા :—** પૂ.શ્રીની વિદાય પછી નવરાત્રિ નજીક હતી. અમે પૂ.શ્રીની વિદાય પછી વડોદરા જ રહ્યાં. નવરાત્રિ નજીક આવતી હોવાથી અમને એક ચિંતા થતી હતી કે હવે કોને

પૂછીશું? નવરાત્રિ કેવી રીતે કરવી? કયો મંત્ર જપવો? વડોદરામાં ઘણા ઘણા દિવસો અમને રોજ ચિંતા સતાવતી હતી. એક સાંજે શ્રી જીતુભાઇ કહે મા ઘણા દિવસથી તમે નીચે નથી ઉતર્યાં ચાલો, આજે જરા એક આંટો મારી આવીએ. ને અમે વડોદરાના ટેમ્પલમાં લઇ ગયા. મુખ્ય મંદિરમાં અમે દર્શન કર્યાં ને પછી ડાબીબાજુ જે નાનુ મંદિર હતું ત્યાં જતાં હતાં ત્યાં જ અંતરમાંથી એક મંત્ર સંભળાયો ''ૐ વૈષ્ણવ્યૈ નમઃ'' અમને સમજાઇ ગયું આ મંત્ર નવરાત્રિમાં જપો. ઘરે આવી ગયાં પછી એ જ ચિંતા થઇ એ મંત્ર કોનો હશે? કલ્પુબહેનની સાથે તેમના દાદાનાં જુનાં પુસ્તકો શોધ્યાં. પણ કંઇ ના મળ્યું. ૐ વૈષ્ણવ્યૈ નમઃ એટલે અમે એમ માન્યું કે આ વિષ્ણુ ભગવાનનો મંત્ર હશે એટલે શ્રી 'વિષ્ણુ સહસ્ર નામ' સંસ્કૃતમાં છે તે શોધીને એ બધાં નામ મા વાંચી ગયાં. તેમ છતાં તે કોનો મંત્ર છે તે ખ્યાલ ના આવ્યો. નવરાત્રિ પાસે આવી ગઇ. અમારો નિર્ણય હતો આ પહેલી નવરાત્રિ કર્પૂરવન જઇને કરવી. અમે કર્પૂરવનમાં પહોંચી ગયાં. મા કર્પૂરવન છે એમ જાણી સુશીલાબેન દાદરા નગર હવેલીથી માને મળવા આવ્યાં. શનિ–રવિ રોકાયાં. ને જતી વખતે પાછાં મળવા આવ્યાં. ત્યારે અમને થયું, કાલથી નવરાત્રિ છે, પેલો મંત્ર કોનો છે, હજી ખબર નથી. ચાલો, સુશીલા બ્હેનને પૂછીએ, કારણ કે બ્હેન હાયર સેકંડરીમાં સંસ્કૃત ભણાવતાં હતાં. બ્હેનને પૂછ્યું, ''તો કહે આ તો દેવીનો મંત્ર છે. આ ચોથી વિભક્તિ છે. એમ માનીને તે બધાં રૂપ બોલતાં ગયાં. હાશ થઇ ગઇ. બેને કહ્યું ''વૈષ્ણવી દેવી''નો મંત્ર છે. બેને



જણાવ્યું ત્યારે જ ખબર પડી કે વૈષ્ણવી દેવીનું તીર્થ છે. અમે નવદિવસ નવરાત્રિના નાળિયેરના પાણી ઉપર ઉપવાસ કર્યાં. દિવસમાં ૩ વખત નાળિયેરનું પાણી લેતાં. નવ દિવસમાં સવા લાખ જપ થયા. પહેલીવાર પૂ.શ્રીની વિદાય પછી આવા નવદિવસ સતત નાળિયેરના પાણી ઉપર વ્રત થયું. નવરાત્રિ પૂરી થઇ, એટલે કર્પૂરવનમાં સ્વામિનારાયણના ભજનના ગ્રૂપને આમંત્રણ આપ્યું. તે બધાં સાંજે ભજન માટે આવવાના હતાં. તે દિવસે બપોરે અમને થયું, ગુરુદેવની શક્તિ વિના નવદિવસ પાણી ઉપર ઉપવાસ ના રહી શકાય ને તે વાતનો અનુભવ ''જય જય ગુરુદેવની શક્તિ વંદુ પુનિત પ્રભાતે'' એ આરતી લખી. ને તે જ દિવસે વૈષ્ણવી દેવીનું દર્શન એક મિનિટ માટે થયું. એટલે નવરાત્રિ ધાર્યા કરતાં સારી રીતે થઇ ગઇ. એટલે આપણી સાત્ત્વિક ચિંતા, સાત્ત્વિક મૂંઝવણ પ્રભુને પહોંચે છે. મથામણ તો કરી કે મંત્ર કોનો છે, પણ ઠેઠ નવરાત્રિની આગલી રાત્રે જ તે બ્હેન દ્વારા સ્પષ્ટ કરાવ્યો પૂ.શ્રીની ચિંતા કયા સ્થળમાં રહીને નવરાત્રિ કરવી તે હતી તો તીર્થની તાકાતનો પરિચય પૂ.શ્રીને કરાવ્યો. શ્રી શારદા માએ દર્શન આપીને જગન્નાથ પુરીએ જીવંત તીર્થ પૂ.શ્રી માટે બની ગયું.''

અમે ૧૯૮૫માં જગન્નાથ પૂરી ગયાં, રહ્યાં અને છેલ્લે દિવસે બધા ભેટ લખાવવા ઓફિસમાં બેઠાં. અમે ત્યાં ઓટલો હતો ત્યાં બેઠાં ને જગન્નાથના ભવ્ય મંદિરની ધજા જોતાં જોતાં કરુણહૃદયે પ્રાર્થના થઇ ગઇ. હે જગન્નાથજી! તારે દ્વારે ઊભી તું જુએ જુના જુએ ભલે તારી મરજી...હે. એ પંકિત ગાતાં

ગાતાં આંખમાં આંસુ સાથે બંધ આંખે, પ્રાર્થના ચાલુ રહી, ને ૧૫–૨૦ મિનિટની એ પ્રાર્થનાની દશામાં બંધ આંખે ગાંધીજીનું દર્શન થયું ને પછી તેમના સ્વરૂપમાંથી મહર્ષિ અરવિંદ ને મહર્ષિ અરવિંદના ચરણમાંથી માતાજીનું દર્શન ૩ દર્શન–૩ સ્વરૂપ એક પછી એક દેખાયું અને અદૃશ્ય થયું. મન અંતરે જે વેદના હતી તે શાંત થઇ. તીર્થ જીવંત છે, જો ભાવ ભક્તિથી એજ ભૂમિ પર પ્રાર્થના કરીએ તો તીર્થ જીવંત છે. આપણું આ પારાયણને આજે આઠમો દિવસ છે. આઠ આઠ દિવસથી આપણે સહુ રક્ષાયેલા બેસી શક્યાં છીએ. ભાઇ રાજીવ કેટલા બધા કલાકો મોટેથી વાંચીને સત્કર્મ કરી રહ્યો છે. એના કંઠની રક્ષા કોણે કરી? જેનો ગ્રંથ છે તે મહાપુરુષ આ નીચે ગંગાજીની પણ કૃપાને પવિત્ર હિમાલય ને હરિદ્વારનું આ તીર્થક્ષેત્ર. બધાંની કૃપા હોય તો જ પારાયણ ચાલે. પૂ.શ્રીના બધા જ અનુભવો અમને તો સત્યના શણગાર સાથે લખાયેલા છે એવું સ્વીકારીએ છીએ . (ક્રમશઃ)


**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭




# આંચ નહીં આવે

દક્ષેશ કોન્ટ્રાક્ટર (ચાતક)

*નેકીના મારગમાં કો'દી ખાંચ નહીં આવે,*
*હોય ભરોસો ઈશ્વરનો તો આંચ નહીં આવે.*

*શુભ કર્મોનાં અનુષ્ઠાનથી જગ પૂજશે તુજને,*
*કર્મ હશે જો કાળા, પૂછવા પાંચ નહીં આવે.*

*વ્યભિચારનો રાવણ હરશે શાંતિતણી સીતાને,*
*પતન રોકવા પછી જટાયુ–ચાંચ નહીં આવે.*

*સત્યાસત્ય વિચારી જીવનપથ પર પગલાં ભરજે,*
*આત્મપરીક્ષાથી મોટી કો' જાંચ નહીં આવે.*

*જન્મમરણના ચક્કરથી ના કોઈ છૂટ્યું, છૂટવાનું,*
*કાળદેવતાથી બચાવવા લાંચ નહીં આવે.*

*'ચાતક' થઈ તું રાહ જુએ છે કોના અવતરવાની,*
*ક્યાંક લેખલું હથેળી ઉપર, વાંચ, નહીં આવે.*

મૂળ એક અજ્ઞાત કવિની અંગ્રેજી કવિતાનો અનુવાદ

# ખજાનો

**–પ્રેષક ધર્સી દવે,**

એક એવી બેંકની કલ્પના કરી કે

જે તમારા ખાતામાં રોજ રૂા. ૮૬,૪૦૦/– જમા કરે છે.

આ બેંક આગળની સિલક બીજા દિવસે જમા આપતી નથી અને કંઇ પણ રોકડ તમને હાથ પર રાખવા દેતી નથી.

વળી દિવસને અંતે વણવપરાયેલી રકમ તે રદ કરે છે અને બેલેન્સ શૂન્ય કરી દે છે.

તમે શું કરશો?

તમે રોજ તમામ રૂપિયા જરૂર ઉપાડી ઉપયોગમાં લઇ લેશો.

દરેક પાસે આવી એક બેંક છે જ, જેનું નામ સમય છે.

રોજ સવારે તે તમને ૮૬,૪૦૦ સેંકડ ભેટ આપે છે.

રોજ રાત્રે તે, તમે સદુપયોગ ન કરેલા સમયને ગુમાવેલ ગણી રદબાતલ કરે છે.

એટલે કે સિલક શૂન્ય કરે છે.

ઓવરડ્રાફ્ટ પણ અપાતો નથી.

દરરોજ તે તમારું નવું ખાતું ખોલે છે.

રોજ રાત્રે તે એ દિવસના હિસાબ નષ્ટ કરે છે.

જો તમે દિવસની જમાપુંજી વાપરવામાં નિષ્ફળ રહો તો ખોટ તમને છે. પાછું વળવાનું અહીં શક્ય નથી.



"આવતીકાલ" માટે અહીં ઉપાડ મળતો નથી.

માત્ર આજની જ જમા પુંજીમાં તમારે વર્તમાન જીવવાનો છે.

વધુમાં વધુ આરોગ્ય, સુખ અને સફળતા મળે તેમ તેનું રોકાણ કરો.

સમય વહી રહ્યો છે. આજે જ મહત્તમ લાભ લો.

આજની દરેક ક્ષણથી સમૃદ્ધ બનો.

કોઇ સુપાત્ર એવા ખાસ પ્રિયજન ને તે બક્ષીને તેને વધુ મુલ્યવાન બનાવો.

યાદ રાખો સમય કોઇને માટે ક્યારેય રોકાતો નથી.

આપણને જે મળે છે તેનાથી આપણે જીવીએ છીએ; પણ કોઇ ને આપીને આપણે જીવન બનાવીએ છીએ.

**आयुषः क्षण एकोऽपि सर्वरत्नैर्न लभ्यते।**
**नीयते स वृथा येन प्रमादः सुमहानहो॥**

"આયુષ્યની એક ક્ષણ પણ બધા રત્નો વડે મેળવી શકાતી નથી. જે માણસથી તે નકામી વેડફાય છે, તેની અરે રે! તે ખૂબ મોટી ભૂલ છે."

જીવન એ ઈશ્વરે આપેલી અમૂલ્ય ભેટ છે. ક્ષણે ક્ષણનો ઉપયોગ કરી જીવનને સાર્થક ન બનાવે તે માત્ર દેહધારી માણસ છે. એક એક ક્ષણ નવાં નવાં રૂપ ધરી સામે આવે છે.

# Thoughts on Age and Giving

**–Eillen Caddy**

## JUNE–19

WHAT is age to you? Do you fear growing old? Or are you one who takes it all in your stride and who knows and understands that the fountain of youth is in your own consciousness? When you keep your mind young, fresh and alert, there is no such thing as growing old. When you have many interests in life and when you enjoy life to the full, how can you ever grow old? Human beings limit themselves when they think of three score years and ten as being the fullness of life. It can be just the beginning for many souls when they awake to the wonder of life, and in awakening begin to enjoy it. Banish all thoughts of old age. It is but a universal thought form which has become so strong that it is like a very hard nut, tough to crack. Start re-adjusting your thinking about age now.

## JUNE–20

HOW vitally important is your right attitude to giving! Give quietly and confidently and, above all, do it with love and joy. Anything that is



given begrudgingly carries with it the wrong vibrations, and therefore the perfect cannot come out of it. See that everythings you do is done with love, even if you do not fully understand why you are doing it. The most ordinary, mundane job when done with love can bring wonderful and amazing results, so let the love flow freely with everytings you undertake. Realise that what you are doing is needed and that no job or action is too small or insignificant. When all souls give of their very best, the weight and responsibility do not fall on the shoulders of the few. The burden is lightened for the whole, until it is no longer a burden but a real joy and pleasure. Watch your attitude, and contribute to the joy and smooth running of the whole.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧

# ભક્તિની એક બીજી ધારા

—અનુ : યોગેશ્વરજી

## ઉમ્મર અને દાન વિષે ચિંતન

જેમ પ્રભુને સ્વામી ને પોતાને દાસ માનીને ભક્તિ કરનારા ભક્તો સંસારમાં છે, તેમ પ્રભુ પોતાના પ્રિયતમ છે, ને પોતે જીવભાવમાં રહેલ પ્રભુની પ્રાણ પ્યારી પ્રિયતમા છે, એ ભાવમાં સ્થિર થઇ ભક્તિ કરનારા ભક્તો પણ છે. આવા ભક્તો જેમ સ્ત્રી પોતાના પતિને પ્રસન્ન કરવા તનમનથી પ્રયાસ કરે છે, તેમ પ્રભુને માટે શરીર ને મનની બધી જ શક્તિનો ઉપયોગ કરે છે. આ બાબતમાં એક પ્રસંગ રજૂ કરવાનું મન થાય છે. મીરાંબાઇ ઘર છોડીને ભગવાન શ્રી કૃષ્ણના પ્રેમમાં મસ્ત ને પાગલ બની વૃંદાવન ગયાં, ત્યારે ત્યાં પ્રસિદ્ધ ભક્તપુરુષ જીવા ગોસાંઇ રહેતા હતા. તેમને મળવાની મીરાંબાઇને ઇચ્છા થઇ. મીરાંએ ગોસાંઇજીની રજા મંગાવી તો તેમણે જવાબ દીધો કે ‘હું કોઇ પણ સ્ત્રીનું મુખ જોતો નથી.’ મીરાંબાઇ આ જવાબ સાંભળીને અચંબો પામ્યાં, પણ નિરાશ થયાં નહીં તેમણે જીવા ગોસાંઇને ફરી સંદેશ મોકલ્યો કે ‘હું તો એમ સમજતી હતી કે વૃંદાવનમાં તો શ્રી કૃષ્ણ એકજ પુરુષ—પરમ પુરુષ કે પુરુષોત્તમ રૂપે રહેલા છે. બીજા જે કોઇ માણસો વૃંદાવનમાં આવે છે તે કૃષ્ણ ભક્તિના રંગે રંગાઇ જાય છે. તેમની દશા ગોપીઓના જેવી થઇ જાય છે. ગોપીઓની જેમ પ્રેમવિહ્વલ બની, કૃષ્ણના દર્શનસ્પર્શનને માટે વ્યાકુળ બની, તે વૃંદાવનમાં વસી રહે છે. એમ કહો કે સાચો ભક્ત ત્યાં રહીને પોતાનો પુરુષભાવ ભુલી



જાય છે, ને એક કૃષ્ણને જ પ્રિયતમ માની, પોતે તેની સાચી દાસી બની જીવી રહે છે. પરંતુ તમારા જીવનમાં તો આથી ઉલટીજ વાત દેખાય છે. તમે વૃંદાવનમાં વસો છો છતાં હજી તમને ગોપીભાવ પ્રાપ્ત થયો નથી, તમે પોતાને હજી પુરુષ ને બીજાને સ્ત્રી માનો છો, ને એમ ભેદભાવવાળા વ્યવહારમાં રાચી રહ્યા છો તે ખરે જ અચરજની વાત છે તમારા જેવા ભક્તપુરુષ સ્ત્રી ને પુરુષમાં ભેદભાવ રાખે ને કૃષ્ણ પ્રેમથી દૂર રહે એ આશ્ચર્યજનક છે! તમારા આવા જ્ઞાન કે વિવેકને ધન્યવાદ ઘટે છે!’ આ રહ્યા મીરાંના એ વિખ્યાત શબ્દો—

**“આજ લગી હું એમ જાણતી જે વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એક,**
**વૃંદાવન વસી હજી પુરુષ રહ્યા છો તેમાં ધન્ય તમારો વિવેક.”**

આ સંદેશથી જીવો ગોસાંઇનો મોહપડદો દૂર થઇ ગયો. તેમને થયું કે મીરાં તો કૃષ્ણની મહાન ભક્ત લાગે છે. તેને મળવાની ના કહેવામાં મેં ભૂલ જ કરી છે. ને તે પછી તેમણે મીરાંને મળવાનું માન્ય રાખ્યું એ વાત પ્રસિદ્ધ જ છે છતાં પણ એ વાતનો વિસ્તાર કરવાની આપણી ઇચ્છા નથી. આપણે તો આટલો આવશ્યક પ્રસંગજ તેમાંથી લેવાનો છે આ પ્રસંગને નોંધીને બતાવવાનો સાર એજ છે કે ભગવાનને સ્વામી માનીને ભજનારા ભક્તોને મન સમસ્ત સંસાર વૃંદાવન બરાબર છે. તેમનો પ્રભુ જે કૃષ્ણ છે—એટલે કે જીવમાત્રના મનને પોતાની તરફ આકર્ષિત કરનાર છે, તે ચરાચરમાં વ્યાપક છે. સમસ્ત સંસારમાં તેમને મન તેજ એક સ્વામી છે, પુરુષોત્તમ છે, ને પોતે તેમજ સમસ્ત સંસાર તેની દાસી ગોપીઓ છે. આજ ભાવમાં તે સદા પ્રતિષ્ઠિત રહે છે ને વિશ્વના વૃંદાવનમાં વાસ કરી પોતાનો

સઘળો સમય પ્રભુને પ્રસન્ન કરવાના પવિત્રકામમાં પસાર કરે છે.

ભક્ત કે પ્રભુના પ્રેમીની એક બીજી પણ ભાવધારા છે. તેમાં વસનારા પ્રેમીઓ પ્રભુને પોતાની પ્રિયતમા માને છે, ને પોતે તેની પાછળ પાગલ બનેલા આશક હોય તેમ વર્તે છે. ખાસ કરીને સુફીઝમમાં આ પ્રકારનું વલણ વધારે દેખાય છે, ને સુફી કવિઓની રચનાઓમાં તેનો પડઘો પડે છે. પણ આ સાધના ખૂબ સંભાળપૂર્વક કરવાની છે. ઈશ્વરને નામે તેના અંશ જેવી છતાં અપૂર્ણ એવી કોઇ સંસારની સ્ત્રીમાં પ્રેમના આવેગમાં આસક્ત ના થઇ જવાય તેની ભક્તે ખૂબ તકેદારી રાખવી રહે છે. તે ઉપરાંત દિવ્ય પ્રેમને નામે શારીરિક સુખ ને ક્ષુદ્ર ઇન્દ્રિયના રસમાં જ ડૂબી જવાનાં સ્વપ્ન ન સેવાય તેની કાળજી પણ આવા પ્રેમીઓએ રાખવી પડે છે. ભક્તિમાર્ગની આ સાધના ખૂબજ કપરી ને ભયસ્થાનોથી ભરેલી છે. શરીરની લાલસા દૂર થયા વિના આ સાધના થઇ શક્તી નથી. આ સાધના ઈશ્વરની સાથે સંસારી માણસો જેવાં નશ્વર સુખો ભોગવવા માટે પણ નથી : તે તો ઈશ્વરને માટેના ભક્તના ઉત્તમોત્તમ પ્રેમસંબંધનો પડઘો છે. તે દ્વારા ભક્ત ઈશ્વરને પોતાના પ્રાણથી પણ પ્રિય માની ભજે છે, ને ઈશ્વરના અનંત સૌન્દર્યને જોવા, તેના અખૂટ રસને ધરાઇ ધરાઇને પીવા સદાય તલસ્યા કરે છે. હૃદયને નિર્મળ કર્યા વિના આ સાધના થઇ શક્તી નથી.

આ પ્રેમી ભક્તોના વર્ગથી ખાસ જુદો નહીં, છતાં યે ભાવ ને વિચારધારાની દૃષ્ટિએ જુદો એક ત્રીજો વર્ગ છે. તે વર્ગના



ભક્તો ઈશ્વરને મા રૂપે ભજે છે. મા શબ્દ ખૂબ જ મધુર છે. સંસારમાં માણસ બાળક બનીને આંખ ઉઘાડે છે ત્યારે તેને પહેલો ભાષામંત્ર માનો જ મળે છે. એટલે ઈશ્વરને માણસ મા રૂપે ભજે તે સ્વાભાવિક જ છે. જેમ બાળક માના જ આધાર પર જીવે છે, તેમ આવા ભક્તો ઈશ્વરના આશ્રયે જીવી રહે છે. ઈશ્વર વિના તેમનું કોઇ પ્રેય કે શ્રેય હોતું નથી. જેમ મા બાળકની બધી જ ચિંતા રાખે છે, ને યોગ્ય વખતે યોગ્ય વસ્તુ પૂરી પાડે છે, તેજ પ્રમાણે આવા ભક્તોની સંભાળ ઈશ્વરરૂપી મા—જગદંબા પણ જરૂર રાખે છે, ને તેમના બધા જ કોડ પૂરા કરે છે. બાળકની જેમ જે આકુળવ્યાકુળ બની જગદંબાને પ્રાર્થે છે ને પુકારે છે, તેના સુમધુર રૂપને જોવા જે તલસે છે ને અંતરના અંતરતમમાંથી આક્રંદ કરે છે, તે જરૂર આ માને મેળવી લે છે : મા તેનાથી લાંબો વખત દૂર રહી શકતી નથી જ. પણ શરત માત્ર એટલી જ છે કે માણસે સરળ બાળક જેમ નિર્દોષ બની માને માટે આતુર બની જવું જોઇએ, ને મા વિના સંસારના કોઇએ પદાર્થમાં તેને સુખ લાગવું ના જોઇએ : માને માટે તેનું તન, મન, અંતર સર્વકાંઇ બેચેન બની જવું જોઇએ.

ભક્ત ને ભગવાનનો આ બધોભેદ સાધનાદશા પૂરતો જ છે એ કહેવાની જરૂર ભાગ્યે જ હોય. જેમ લાલરંગના વાસણમાં બોળેલું કપડું ધોળું હોય છતાં લાલ થઇ જાય, તેમ પ્રભુને પ્રાપ્ત કરી ચૂકેલો ભક્ત પ્રભુમય જ બની જાય છે. તેનામાં ન તે પ્રભુમાં કાંઇ ભેદ રહેતો નથી. કોઇ શેઠ પોતાના નોકર પર પ્રસન્ન થઇ તેને પોતાનું ઐશ્વર્ય આપી દે, તેમ પ્રભુ ભક્તને પોતાનું સર્વ કાંઇ આપી દે છે. એટલું જ નહીં, દુન્યવી શેઠથી

પણ વધુ—ભક્તને અમૃતપદ ને ત્રિતાપથી મુક્તિ ને પરમશાંતિ પણ આપી દે છે. ભક્તનો બધો જ પરિશ્રમ આમ સફળ થઈ જાય છે, ને ભક્ત કૃતકૃત્ય બની જાય છે. એટલે ભક્તિના ગમે તે પ્રિય પ્રકાર દ્વારા પણ ભક્તે ભગવાનની પૂર્ણ કૃપા મેળવવાનું ને ભગવાનનું દર્શન કરવાનું કામ કરી લેવું જોઈએ. આ વાત યાદ રહે ને તેને સિદ્ધ કરવા પ્રયાસ થાય તેમાં જ ભક્તનું શ્રેય રહેલું છે.

મનુષ્યજીવનદ્વારા આ પુરુષાર્થની સિદ્ધિ થઈ ગઈ તો સર્વ કાંઈ સિદ્ધ થઈ ગયું ને આ વાત ભુલાઈ ગઈ તો બધું જ ખોવાઈ ગયું એમ નક્કી માનવું. વિવેકની પ્રાપ્તિ કરી, સાધનાના માર્ગનો સમ્યક્ વિચાર કરી. ઈશ્વરદર્શન કરી મુક્તિ કે પૂર્ણતા મેળવવાનું કામ મનુષ્ય શરીર દ્વારા જ થઈ શકે છે. બીજા કોઈ શરીરમાં આ સ્વાર્થની સિદ્ધિ થતી નથી. માટે સમજુ માણસે પ્રમાદ છોડી, ધીરજ ને શ્રદ્ધાપૂર્વક ઈશ્વરદર્શન માટેની સાધના કરવી જોઈએ. મનુષ્ય શરીર આટલું કીંમતી છે, છતાં વધારે ભાગના માણસો તે દ્વારા દાનવ જેવાં કામ કરી રહ્યા છે. તેને પરિણામે તે દુઃખી થાય છે ને બીજાને પણ દુઃખી કરે છે. માણસ જો વિચાર કરે તો તેને સાચે જ સમજાઈ જાય કે એક ઈશ્વર વિના બીજો કોઈયે પદાર્થ પ્રેમ કરવા યોગ્ય નથી. આ સમજને કાયમ માટે તાજી રાખી દિવસરાત ઈશ્વરની કૃપાની પ્રાપ્તિને માટે પુરુષાર્થ કરવામાં જ ભક્તનું પરમ મંગલ રહેલું છે. વિવેકી ભક્ત આ વાત હૃદય પર હંમેશા અંકિત કરી રાખે.



# સંબંધોનાં સમીકરણ

—ડૉ. આઈ. કે. વીજળીવાળા

૧૯૭૬નું એ વરસ. જૂન મહિનાની બારમી તારીખ. સૌરાષ્ટ્ર પર કાયમ દુષ્કાળ ઝીંક્યે રાખતા ભગવાનને જાણે કે અચાનક જ સૌરાષ્ટ્ર ઉપર દયા આવી ગઈ હોય તેમ વાવાઝોડા સાથે અનરાધાર વરસાદની હેલી પણ મોકલી આપેલી. આખા વરસનો પૂરો દસ ઈંચ વરસાદ પણ માંડ ભાળતી જમીન માથે ફક્ત આઠ જ કલાકમાં દસ ઈંચ વરસાદ ધાબડી દીધેલો. માત્ર બે જ દિવસમાં અઢારેક ઈંચ વરસાદ પડી ચૂક્યો હતો. દસમી જૂનથી શરૂ થયેલ એ વરસાદી તાંડવ બારમી જૂને અટકવાનું તો ઠીક, ધીમું પડવાનું પણ નામ નહોતું લેતું.

એ વખતે અમે જેને અમારું વહાલું ઘર ગણતા એ કાચી માટીની દીવાલોથી બનેલું હતું. ઉપર પતરાં ગોઠવીને છાપરું બનાવેલું. કાચી માટીની દીવાલોની એટલી ત્રેવડ જ નહોતી કે આટલા દે—માર વરસાદની ઝીંક જીલી શકે. દર વરસે આ કાચી દીવાલોના રક્ષણ માટે અમે દક્ષિણ તથા પશ્ચિમની દીવાલો આડા સાંઠીઓમાંથી બનેલ કટલાં ગોઠવી દેતાં. (સાંઠી એટલે કપાસના સૂકા છોડની દાંડીઓ અને કટલાં એટલે આવી સાંઠીઓ ગૂંથીને બનાવેલ પાતળી દીવાલ જેવું જે માટીની દીવાલ આડે મૂકી દેવાથી એને સીધા વરસાદના મારથી બચાવી શકે.) આ વખતે પણ અમે આવા સાંઠીના કટલાં ગોઠવેલાં પરંતુ કઠણાઈ એ હતી કે વાવાઝોડું અને આવો ભારે વરસાદ ઉત્તર દિશામાંથી આવ્યાં હતાં. કાયમ નૈઋત્યનો વરસાદ આવે એટલે આવી તો અમને ધારણા પણ નહોતી. એટલે પશ્ચિમ તેમજ દક્ષિણ દિશા તરફની

દીવાલો તો સાબૂત રહી શકી, પરંતુ ક્યારેય વરસાદનો માર સહન ન કરનાર ઉત્તર તરફની દીવાલમાંથી માટીના લોંદા ખરવાની શરૂઆત થઇ ચૂકી હતી. એ જોઇ અમને બધાને ચિંતા થતી હતી. કારણકે જો એ દીવાલ ધસી પડે તો છાપરું નમી જાય કે પડી જાય. છાપરા પરનાં પતરાં ઊડી ન જાય એ માટે અમે બબ્બે મણ વજનના પથ્થર એના પર ગોઠવેલ હતા. છાપરાના નમવા કે પડવા સાથે આ પથ્થર પણ નીચે આવે તેમાં કોઇ શંકા નહોતી. જો એવું થાય તો એ પથ્થરો કોઇને પણ ઈજા પહોંચાડી શકે. હવે શું કરવું એ વિચારતા અમે બધા મૂંઝાઈને બેઠા હતા. ઘર છોડીને નીકળી જવું પડે તેવી નોબત કોઈ પણ ક્ષણે આવી પહોંચે તેવું લાગતું હતું.

'વરસાદ અટકી જાય ત્યાં સુધી કોઇ આપણને બધાને પોતાના ઘરે ન લઇ જાય?' અમારામાંથી કોઇક બોલ્યું.

'ના ભાઇ ના! કોઇ કોઇનું નથી હોતું. એમાંય કઠણાઇમાં પડેલાથી તો બધા ગાઉ છેટા રહે!' મારા બાએ કહ્યું. એ સાંભળી અમે સૌ ચૂપ થઇ ગયાં. બહાર ત્રમઝટ વરસાદ વરસતો હતો. બાએ ઉપરના શબ્દો કહ્યા એ પછી ખાસ્સી વાર સુધી કોઇ કંઇ ન બોલ્યું. અમારું મૌન બાની વાતમાં સંમતિ પુરાવતું હતું કે પરિસ્થિતિના કારણે અમે સૌ મૂઢ જેવા બની ગયા હતા એની સાબિતી આપતું હતું એ નક્કી કરવું ખરેખર મુશ્કેલ હતું. અમે સૌ સૂનમૂન બેઠા હતા. મારાં બા પાસે પણ કહેવા માટે જાણે હવે કાંઇ બચ્યું ન હોય તેમ એ પણ ચૂપ થઇ ગયેલાં.

સાંજના પાંચ વાગવા આવ્યા હતા. વરસાદનું જોર વધતું જતું હતું. વરસતા વરસાદની સાથે બરાબર તાલ મિલાવતો હોય એમ પવન પણ વધારે ને વધારે રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને ફૂંકાઇ



રહ્યો હતો. 'થપ્પાક્!' એવા અવાજ સાથે ઉત્તર તરફની દીવાલમાંથી માટીનો મોટો લોંદો છૂટો પડ્યો. દીવાલની આરપાર જોઇ શકાય એવડું મોટું ગાબડું થઇ ગયું હતું. હવે તો ઘર છોડ્યા વિના છૂટકો જ નથી એવી ખાતરી લગભગ દરેકને થઇ ગઇ હતી. પરંતુ જવું ક્યાં એ પ્રશ્ન વિકરાળ સ્વરૂપ ધારણ કરીને અમને મૂંઝવી રહ્યો હતો અને બીવરાવી પણ રહ્યો હતો.

પાછલા ત્રણ દિવસ અને બે રાતથી સતત ઝીંકાતા વરસાદ તેમજ પવનના તોફાનના કારણે ગામમાં ક્યાંય લાઇટ પણ નહોતી. ઘરમાં જે કંઇ લોટ પડેલો એ તો પહેલા દોઢ દિવસમાં જ સફાચટ થઇ ગયેલો. બાકીના દોઢ દિવસથી ખીચડી અને ભાત પર ગાડું ચાલતું હતું. એ બપોરે બાકી બચેલી ખીચડી પણ રંધાઇને પેટમાં પહોંચી ગયેલી. જેમ દુષ્કાળના વખતમાં ધાન (અનાજ) બમણું ખવાઇ જાય તેવું જ તંગીના સમયે પણ થતું હોય છે. અમારી સૌની ભૂખ એટલી બધી વધી ગયેલી કે એવું જ લાગે કે જાણે પહેલાં ક્યારેય જમ્યા જ ન હોઇએ! એમાંય ઘરમાં હવે ખાવાનું બધું જ ખૂટી ગયું છે એવી ખબર પડે એટલે તરત જ ભૂખ લાગવા માંડે!

સાડા પાંચ થવા આવ્યા ત્યારે વરસાદ સહેજ ધીમો પડ્યો. પવનનું જોર જોકે જરાય ઓછું નહોતું થયું. ઉત્તર તરફની દીવાલમાંથી માટીના વધારે મોટા લોંદા ખરતા જતા હતા. હવે તો એકાદ ફૂટથી વધારે પહોળાઇનું કાણું પડી ગયું હતું.

'અરે કાસમભાઇ, તમે બધા સલામત તો છો ને?' આયા ક્વાટર્સમાંથી થોડાક જણ અમારી ખબર પૂછવા આવ્યા હતાં. અમારા ઘરે આવતાં વેંત એ લોકોએ અમારા ચહેરાના ભાવો અને દીવાલનાં ગાબડાંની ગંભીરતા બંનેને બરાબર માપી લીધાં.

પછી બોલ્યાં, 'કાસમભાઇ! હવે અહીં નો રહેવાય. ગમે ત્યારે આ ઝૂંપડું બેસી જાય તો કોઇકને લાગી જાય, એટલે તમે અહીંથી નીકળી જાવ!'

'પણ આટલા બધા અમે રહેશું ક્યાં?' મારાં બાએ પોતાની મૂંઝવણ વ્યક્ત કરી જ દીધી.

'અરે બહેન, એ બધું થઇ રહેશે. ફલાણા ભાઇનું ઘર ખાલી જ છે. એના ઘરના બધા બહારગામ ગયા છે. તમતમારે ત્યાં આવતા રહો.' એટલું કહી એમણે અમને બધાને પરાણે ઊભાં કર્યાં. આયા ક્વાટર્સમાં રહેતા એક બ્રાહ્મણ કુટુંબનું ખાલી ઘર ખોલી આપ્યું અને એ પણ અમારા કોઇ પણ વાંધા કે વિરોધને જરા પણ ગણકાર્યા વિના. થોડા—ઘણા સામાન સાથે લગભગ સાંજના સાત વાગ્યે અમે સૌ સલામત રીતે એ જગ્યાએ ફરી ગયા.

નવી જગ્યામાં હજુ તો અમને પંદરેક મિનિટ જ થઇ હશે ત્યાં જ સાક્ષાત્ દેવીસ્વરૂપ એક સ્ત્રીએ એ ઘરમાં પગ દીધો. એ હતાં હરિભાઇ જોષી નામના રસોઇયા ભાઇનાં ધર્મપત્ની સવિતાબહેન. અમે એમને સવિતામાશી કહી બોલાવતાં. શ્રી હરિભાઇ જીંથરી ટી.બી. હૉસ્પિટલમાં રસોઇયા તરીકે કામ કરતા. એમની આર્થિક પરિસ્થિતિ અમારા કરતાં થોડીક વધારે સારી હતી. અમારે એમની સાથે એવો કોઇ ઘનિષ્ઠ સંબંધ નહોતો. એ લોકો પણ નવાસવા જ રહેવા આવેલા. સવિતામાશી એમની નાની માંદી દીકરીને મારા બાના હાથમાં આપતાં બોલ્યાં, 'બહેન, આને ઘડીક સાચવોને! કઇ જગુની (ક્યારની) રોયા જ કરે છે!' એટલું કહી એમની માંદી દીકરીને મારાં બાના હાથમાં સોંપીને એ પાછાં જતાં રહ્યાં. બા એ દીકરીને



રમાડવાનો પ્રયાસ કરવા માંડ્યાં.

પરંતુ બા સિવાય બાકીના અમે બધા જ સાવ નવરા હતા. બિલકુલ નવરા! વરસતા વરસાદમાં ફર્યા હતા અને સામાન ફેરવ્યો હતો એટલે પલળવાને કારણે ભૂખ પણ કકડીને લાગી હતી. પરંતુ ઉંમર કરતા વહેલા સમજણા થઇ ગયેલા અમારામાંનું દરેક જણ એ જાણતું હતું કે ભૂખની ફરિયાદ એ દિવસે તો કરવાની જ નહોતી. ઘરમાં જે કંઇ હતું એ બપોરે જ રંધાઇને પેટમાં પડી ચૂક્યું હતું એની સૌને ખબર હતી. જો કાંઇ પડ્યું હોત તો બાએ ક્યારનું બનાવી જ નાખ્યું હોત. એમાં પણ શંકા નહોતી જ. ત્રણેક કલાક પહેલાં અમારા માટીના ઘરમાં જે સૂનકાર છવાઇ ગયો હતો એવો જ સૂનકાર આ નવી જગ્યાએ પણ છવાઇ ગયો. બધાં સાવ ચૂપચાપ બેઠાં હતાં.

એમ જ એકાદ કલાક જેટલો સમય પસાર થયો હશે. એ પછી બારણે ટકોરા પડ્યા. સવિતામાશી એની દીકરીને લેવા આવ્યાં હશે એવું લાગતું હતું. બા પેલી છોકરીને તેડીને ઊભાં થયાં અને એમણે જ દરવાજો ખોલ્યો. દરવાજો ખૂલતાં જ જોયું તો સવિતામાશી બંને હાથમાં મોટી કથરોટ પકડીને ઊભાં હતાં. ઘઉંની ગરમાગરમ ભાખરીઓથી ભરેલી એ કથરોટ જોઇ અમારી આંખમાં ચમક આવી ગઇ. એમની બરાબર પાછળ જ એમની મોટી દીકરી મધુ હાથમાં શાકનું તપેલું કપડા વડે પકડીને ઊભી હતી. ગરમાગરમ શાક અને ભાખરી લઇને અમારી વહારે આવેલાં એ સવિતામાશી સાથે અમારે એવો વરસો જૂનો કોઇ સંબંધ પણ નહોતો. છતાં અમારાં દસ માણસોની રસોઇ બનાવીને એ આપી ગયાં અને એ પણ કોઇ જ જાતના ઉપકારના ભાવ વિના. એ ઘટનામાં કયું સગપણ અને કયો

સંબંધ એવાં કોઈ સમીકરણો શક્ય જ નહોતાં. બેચાર વાતો કરી, પોતની દીકરીને તેડીને એ જતાં રહ્યાં.

બહાર વરસાદ ફરીથી રૌદ્ર સ્વરૂપ ધારણ કરતો જતો હતો. પવનના સૂસવાટા પણ વધારે બિહામણો અવાજ પેદા કરતા હતા. ફાનસના અજવાળે સવિતામાશીએ બનાવેલું એ ભાખરી–શાકનું ભોજન લેતાં લેતાં મેં મારાં બા સામે જોયું. બા કંઈ બોલ્યાં નહીં, પણ એમની નજર જાણે કહેતી હતી કે 'ભાઈ, કઠણાઈમાં પડેલાની વહારે પણ કોક ચડી આવે હો! અને કોઈ કોઈનું નથી હોતું સાવ એવું પણ નથી હોતું!'

(એ હરિમામાનું થોડાંક વરસ પહેલાં જ હૃદયરોગમાં દેહાવસાન થયું. જીંથરી હૉસ્પિટલમાંથી રિટાયર થયેલા સવિતામાશી હાલ એમના દીકરા જોડે ભાવનગરમાં જ રહે છે. મધુ નામની એમની દીકરીની દીકરીની દીકરી હાલ મારી દવા લેવા ઘણી વખત આવે છે. હા! એમના આખા જ કુટુંબના કોઈ પણ વ્યક્તિની તપાસ ફીનો આજ સુધી એક પણ પૈસો મેં લીધો નથી. છતાં પણ હું સવિતામાશીના અન્નનો ક્યારેય બદલો વાળી શકીશ નહીં એવું મને હંમેશાં લાગે છે. હું તો આ બધું અમારા સ્થપાઈ ચૂકેલા સંબંધની રુએ કરું છું, પરંતુ સવિતામાશીએ એ દિવસે કયા સંબંધની રુએ એ બધું કરેલું એ સમીકરણનો ઉકેલ માનવતા શબ્દ સિવાય બીજા શેમાંયથી નથી મળતો.)



# હે નાથ, હું આપને ભૂલું નહીં

—સ્વામીજી શ્રીરામસુખદાસજી

## પ્રાર્થના

(ભક્ત જ્યાં પણ—જોરથી બોલીને પ્રાર્થના કરે, ધીરેથી બોલીને પ્રાર્થના કરે અથવા મનથી પ્રાર્થના કરે, ત્યાં જ ભગવાન પોતાના કાનોથી સાંભળી લે છે.)

'હે નાથ! આપ મને પૃથ્વી પર રાખો કે સ્વર્ગમાં રાખો કે નરકોમાં રાખો; બાળક રાખો કે યુવાન રાખો અથવા વૃદ્ધ રાખો; અપમાનિત રાખો કે સન્માનિત રાખો; સુખી રાખો કે દુઃખી રાખો; જેવી પરિસ્થિતિમાં રાખવા ઇચ્છો, તેમ રાખો, પણ હું આપને ભૂલું નહીં.'

'હે પ્રભુ! મેં ન જાણે ક્યાં—ક્યાં જન્મોમાં આપની વિરુદ્ધ કેવાં—કેવાં આચરણ કર્યાં છે, તેની મને ખબર નથી. પરંતુ એ કર્મોને અનુરૂપ આપ જે પરિસ્થિતિ મોકલશો, એ મારા માટે દરેક રીતે કલ્યાણકારક જ હશે. એટલા માટે મને કોઈ પણ પરિસ્થિતિમાં લેશમાત્ર પણ અસંતોષ ન થઈને પ્રસન્નતા—જ—પ્રસન્નતા થશે.'

'હે નાથ! મારાં કર્મોનું આપ કેટલું ધ્યાન રાખો છો કે મેં ન જાણે કયા—કયા જન્મમાં, કઈ—કઈ પરિસ્થિતિમાં પરવશ થઈને કયાં—કયાં કર્મ કર્યાં છે, એ બધાં જ કર્મોથી સર્વથા છુટકારો કરવા માટે આપ કેટલાં વિચિત્ર વિધાન કરો છો! હું તો આપના વિધાનને લેશમાત્ર પણ સમજી નથી શકતો અને મારામાં આપના વિધાનને સમજવાની શક્તિ પણ નથી. એટલા માટે હે

નાથ! હું તેમાં મારી બુદ્ધિ શા માટે લગાવું? મારે તો માત્ર આપની તરફ જ જોયા કરવાનું છે. કારણ કે આપ જ કાંઇ વિધાન રચો છો, તેની પાછળ આપનો જ હાથ રહે છે અર્થાત્ એ આપનું જ કરેલું હોય છે, જે મારા માટે પરમ મંગલમય છે.'

'હે નાથ! આપ સમતા, બોધ જ નહીં, દુનિયાના ઉદ્ધારનો અધિકાર પણ આપી દો, તો પણ મને બિલકુલ જાણ ન થવી જોઇએ કે મારામાં આ વિશેષતા છે. હું માત્ર આપનાં ભજન–ચિંતનમાં જ લીન રહું.'

**–'સાધક–સંજીવની' પુસ્તકમાંથી સંકલિત**

સવારે ઊંઘમાંથી જાગો ત્યારથી લઇને રાત્રે નિદ્રા આવે ત્યાં સુધી ચાર–ચાર, પાંચ–પાંચ મિનિટના અંતરે કહેતાં રહો કે, 'હે નાથ! હું આપને ભૂલું નહીં. ભગવાનની પ્રાપ્તિ સુલભતાથી થઇ જશે! તમે કરીને જુઓ. વૃત્તિ સારી હોય કે ખરાબ, ભગવાનને ભૂલો નહીં.'

★ ★ ★

તમને અત્યાર સુધી ભગવાનનું જેવું સ્વરૂપ સમજમાં આવ્યું હોય, તેને હંમેશાં યાદ કરો. ભગવાન એને જ પોતાનું સ્વરૂપ માની લે છે, આવો એમનો કાયદો છે. 'હે નાથ! હે મારા નાથ!! હે મારા પ્રભુ!!' આમ પુકારો. ભગવાન સૌના માટે સુલભ છે. યોગ્ય હોય, અયોગ્ય હોય, સદાચારી હોય, દુરાચારી હોય, સારાં હોય, ખરાબ હોય, દરેક ભાઇબહેન ભગવાનને પોતાના કહી શકે છે. કોઇ ભગવાનને પુકારે છે તો તેના અવગુણોની તરફ ભગવાનની દૃષ્ટિ જતી જ નથી. તેઓ તો માત્ર એની પુકારને જ જુએ છે.

★ ★ ★



હંમેશાં મનોમન આ જ પ્રાર્થના કરતાં રહો કે, 'હે નાથ! હું આપને ભૂલું નહીં.' એકમાત્ર પ્રભુને યાદ રાખવાથી બધું જ બરાબર થઇ જશે–**'एकै साधे सब सधै, सब सधै सब जाय'** 'હે નાથ! હે નાથ!!' આમાં મન લગાવી દો, અન્ય સાધનો પર ભરોસો ન રાખો.

★ ★ ★

'હે નાથ! હું આપને ભૂલું નહીં'–આ પ્રાર્થનામાં બહુ ભારે બળ છે. નિરન્તર નામ જપ કરો અને થોડી–થોડી વારે આ પ્રાર્થના કરતાં રહોય ન્યાલ થઇ જશો! ભગવાનને ભૂલું નહીં–એ કામ આપણું છે, બાકીનું બધું કામ ભગવાનનું છે. તમારે કાંઇ કામ કરવું નહીં પડે.

★ ★ ★

ભગવાનને યાદ કરવાથી અન્તઃકરણ સ્વાભાવિક નિર્મળ બની જાય છે અને સારી વાતો ઉત્પન્ન થાય છે. થોડી–થોડી વારે કહેતાં રહો કે, 'હે નાથ! હું આપને ભૂલું નહીં', 'હે મારા પ્રભુ! હું આપને ભૂલું નહીં', પછી સદ્‌ગુણો પોતાની મેળે આવશે. ભગવાનને યાદ કરવાથી, એમની ચર્ચા કરવાથી સદ્‌ગુણ–સદાચાર સ્વાભાવિક આવે છે.

★ ★ ★

'હે નાથ! હું આપને ભૂલું નહીં'– આ કહેતાં રહો, પછી બધાં જ કામ આપોઆપ ઠીક થઇ જશે.

★ ★ ★

# પત્ર પ્રસાદી

—યોગેશ્વરજી

(તા. ૧૯—૦૪—૧૯૫૦ને બુધવાર—સ્થળ દેવપ્રયાગથી પૂ.શ્રી યોગેશ્વરજીએ પોતાની ૨૯ વર્ષની યુવાન વયે—અમને પત્ર લખેલો. તે હમણાં અમને હાથવગો થયો.

એ ભર યુવાનવયે પણ તેઓના મનમાં મનુષ્ય જીવનનું ધ્યેય શું હોવું જોઇએ, એ સંબંધ જે સુસ્પષ્ટતા હતી તેનું દર્શન પત્રના આ એક પેરાના વાંચનથી થાય છે. એઓની એ શીખ આજેય સૌને માટે એટલી જ ઉપયોગી ને પ્રસ્તુત હોઇ અત્રે રજૂ કરી છે. તેના વાંચનથી પૂ.શ્રી કેવા જાગૃત માનવ હતા—તેની પ્રતીતિ સહજ રીતે સૌને થશે. મનુષ્ય જીવનના સર્વોચ્ચ આધ્યાત્મિક શિખરે તેઓ આ જીવનમાં જ પહોંચી શક્યા. તેના પાયામાં તેઓની આ પ્રકારની સુસ્પષ્ટ જાગૃત સમજ કામ કરી ગઇ એવું લાગ્યા વિના રહેતું નથી.)

—તંત્રી

દેવ પ્રયાગ—૧૯—૦૪—૫૦

**જીવનમાં જેટલા અંશે અધ્યાત્મિક ઉન્નતિ થઇ તેટલે જ અંશે કમાયા. માનવ જીવનમાં અનેક શક્યતાઓ ભરેલી છે આજે માણસ કેવળ આજીવિકાને માટે ને બાળબચ્ચાંની પાછળ જ પોતાના સમયનો ભોગ આપે છે. આ રતન જેવા જીવનને ધૂળમાં નાંખી દેવા બરોબર છે. જીવનનો આદર્શ ખૂબ ઉચ્ચ છે. ને વ્યાવહારિક જીવનમાં પણ માણસે તેને નજર સામે રાખી ચાલવાનું છે. આપણી શક્તિઓનો વિકાસ કરીને આપણે**



**આત્મદર્શનના અનુપમ આદર્શ પર પહોંચવાનું છે. ને બીજાને બનતી રીતે મદદરૂપ થવાનું છે. મનુષ્ય આજે આ આદર્શ ભૂલેલો છે, ને તેને લીધે તે દુઃખી, ક્ષુદ્ર ને પંગુ છે. આધ્યાત્મિક જીવનના પથપર પગલાં ભરવાથી જ આ પંગુતા દૂર થઇ શકે છે. સમષ્ટિ તેમજ દેશ કે દુનિયાનું કલ્યાણ પણ એ જ રીતે થઇ શકે છે. આધ્યાત્મિક આદર્શ આપણી આકૃતિને બદલી નાખશે, ને ભૌતિક સમૃદ્ધિ સાથે ભળીને વિશ્વને સાચું નંદનવન બનાવશે. ભૌતિક ઉન્નતિમાં આપણે ભલે રમીએ તેમાં આધ્યાત્મિક રસ પૂરવાની જરૂર છે. તે પૂરાતાં જીવન ને જગતમાં નવીન બલ પ્રગટ થશે.**


## ✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

મોરબી—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# રોગ નિવારણમાં રામનામ

—ગાંધીજી

## આયુર્વેદ અને નૈસર્ગિક ચિકિત્સા

ઈશ્વરસ્તવન ને સદાચારપ્રચાર એ દરદમાત્ર અટકાવવાનું સારામાં સારું ને સસ્તામાં સસ્તું વૈદું છે, એમાં મને જરાયે શક નથી. દુઃખ એ છે કે વૈદ્યો, હકીમો ને દાક્તરો આ સસ્તા ઉપાયનો ઉપયોગ કરતા જ નથી. ઊલટું, એ ઉપચારને તેઓના પુસ્તકમાં સ્થાન નથી, અથવા છે તો તેણે મંતરજંતરનું રૂપ લઈ લોકોને વહેમકૂપમાં ઉતાર્યા છે. ઈશ્વરસ્તવન કે રામનામને વહેમની સાથે કશો સંબંધ નથી. એ તો કુદરતનો સુવર્ણ કાયદો છે. જે તે પાળે છે તે રોગમુક્ત રહે છે, જે નથી પાળતા તે રોગગ્રસ્ત રહે છે. જે કાયદો નીરોગી રહેવાનો છે તે જ કાયદો રોગ થયા પછી તેમાંથી મુક્તિ પામવાને લાગુ પડે છે. સવાલ એ થાય કે, જે રામનામ લે છે ને સદાચાર પાળે છે, તેને રોગ થાય જ કેમ? એ સવાલ યોગ્ય છે. માણસ સ્વભાવે જ અપૂર્ણ છે. વિચારવાન પૂર્ણતા તરફ દોડે છે, પણ સંપૂર્ણ કદી થતો નથી. તેથી, અજાણપણે પણ ભૂલો કરે છે. સદાચારમાં ઈશ્વરના બધા કાયદા આવી જાય છે. પણ બધા કાયદા જાણે એવો સંપૂર્ણ પુરુષ આપણી પાસે નથી. જેમ કે, હદ ઉપરાંત કામ ન કરવું એ એક કાયદો. હદ છૂટી, એમ કોણ જાણે? એ વસ્તુ માંદા પડ્યે જ જણાય. મિતાહાર ને યુક્તાહાર બીજો કાયદો છે. એ મર્યાદા ક્યારે ઓળંગાઈ એ કોણ જાણે? મારે સારુ યુક્તાહાર ક્યો, એ કેમ જાણું? આવા દાખલા તો ઘણા કલ્પી શકાય. તે બધાનો સાર એ જ કે, દરેક માણસે પોતાના વૈદ્ય થઈ પોતાને લગતો કાયદો



શોધી કાઢવો. જે એ શોધી શકે ને તેનું પાલન કરી શકે, તે ૧૨૫ વર્ષ જીવે જ.

દાક્તર મિત્રો દાવો કરે છે કે, તેઓ સંપૂર્ણપણે નિસર્ગોપચાર કરનાર છે કેમ કે, ઔષધમાત્ર કુદરતે બનાવ્યાં છે. દાક્તરો તેના પર્યાય કરે છે. એમાં ખોટું શું? આ રીતે બધી વસ્તુ ઉડાવી શકાય. હું તો આટલું કહું કે, રામનામ ઉપરાંત જેટલું કરાય એ નિસર્ગ કે કુદરતની વિરુદ્ધ છે. આ વિચારશ્રેણીએ ચાલતાં પાંચ મહાભૂતોનો મૂળ ઉપયોગ એ નૈસર્ગિક ઉપચારની હદ હું બાંધું. પણ આગળ જનાર વૈદ્ય પોતાની આસપાસ જે ઔષધિ ઊગતી હોય કે ઊગી શકે, તેનો ઉપયોગ પૈસા કમાવા નહીં, કેવળ લોકસેવાર્થે કરે તે પણ પોતાને નૈસર્ગિક ઉપચારક ગણાવી શકે. એવા વૈદ્ય ક્યાં છે? આજે તો તેઓ પૈસા કમાવાની ધડામારમાં પડ્યા છે. શોધખોળ કરતા નથી ને તેમને આળસે ને લોભે આયુર્વેદ કંગાળ સ્થિતિ ભોગવે છે.

## ઊરુળીકાંચનમાં

ગાંધીજીએ પ્રાર્થનામાં એકઠા મળેલા ઊરુળીકાંચનના લોકોને શરીરના વ્યાધિઓને હરનારી અવ્વલ નંબરની કુદરતી ઔષધિ તરીકે રામનામની ભેટ ધરી. ‘‘આપણે હમણાં જે ભજન ગાયું તેમાં ભક્ત કહે છે કે ‘હે હરિ! લોકોનાં દુઃખનો હરનારો તું છે.’ આમાં અપાયેલો કોલ સર્વ દુઃખોને લગતો છે. કોઈ એક ખાસ આધિ કે વ્યાધિની આમાં વાત નથી.’’ વળી ગાંધીજીએ તે લોકોને કુદરતી ઈલાજમાં સફળ થવાની શરતો જણાવી. રામનામની અસરનો આધાર તમારી તેના પર જીવંત શ્રદ્ધા છે કે નથી તે વાત પર રહેલો છે. ‘‘તમે ક્રોધને વશ થાઓ, કેવળ શરીર નભાવવાને નહીં પણ મોજને ખાતર ખાઓ ને ઊંઘો તો જાણજો

કે રામનામનો સાચો અર્થ તમે પામ્યા નથી. એ રીતનો રામનામનો જપ કેવળ હોઠેથી હશે, હૈયામાંથી નહીં હોય. રામનામનું ફળ મેળવવાને તે જપતી વખતે તમારે તેમાં લીન થઇ જવું જોઇએ અને તમારા આખા જીવનવહેવારમાં તે દેખાવું જોઇએ.''

### પહેલો દરદી

બીજે દિવસે સવારથી દરદીઓ આવવા લાગ્યા. ત્રીસેક હશે. તેમાંના પાંચ કે છને ગાંધીજીએ તપાસ્યા ને તે બધાને માંદગીનો પ્રકાર જોઇ થોડો ફેર કરી તેના તે ઇલાજો સૂચવ્યા. એટલે કે, રામનામનો જાપ, સૂર્યસ્નાન, ઘર્ષણસ્નાન, કટિસ્નાન, દૂધ, છાશ, ફળો, ફળોનો રસ અને પીવાને સારી પેઠે ચોખ્ખું તાજું પાણી. સાંજની પ્રાર્થનાસભા આગળ તેમણે ખુલાસો કર્યો : ''ખરેખર એવું જોવામાં આવ્યું છે કે મનના અને શરીરના સર્વ આધિવ્યાધિઓનું સર્વસામાન્ય કારણ એક જ છે. તેથી તે સર્વને માટે એક સામાન્ય ઇલાજ હોય તે પણ સ્વાભાવિક છે. જેવી રોગોની તેવી ઇલાજની એકરૂપતા હોય જ. તેથી આજે સવારે મારી પાસે જે દરદીઓ આવ્યા તે બધાને રામનામ અને લગભગ એક જ જાતનો ઉપચાર બતાવ્યો. પણ જીવનવહેવારમાં શાસ્ત્રો ફાવતાં આવતાં નથી ત્યારે તેમનો મનમાનતો ખુલાસો મેળવી લેવાની કળા માણસે કેળવી છે. આપણા મન પર આપણે એક એવા ભ્રમને સવાર થવા દીધો છે કે શાસ્ત્રો કેવળ આવતા જન્મમાં જીવનું આધ્યાત્મિક કલ્યાણ થાય તે માટે અને ધર્મનું પાલન મરણ પછી કામ આવે તેવા પુણ્યની કમાણી કરવાને માટે છે. મારો મત એવો નથી. આ જીવનમાં ધર્મનો વહેવારમાં ઉપયોગ ન હોય તો આવતા જન્મમાં મારે તેનો શો ખપ?''



''શારીરિક કે માનસિક આધિવ્યાધિઓ તદ્દન મુક્ત એવો આ દુનિયામાં કોઇ વિરલો હશે. કેટલાક આધિવ્યાધિનો તો દુન્યવી ઇલાજ જ નથી. દાખલા તરીકે ખંડિત થયેલું એકાદું અંગ પાછું ઉગાડવાનો ચમત્કાર રામનામમાં થોડો જ છે? પણ એથીયે મોટો ચમત્કાર કરી બતાવવાની તેની શક્તિ છે. અંગો ખંડિત થયાં હોય કે દર્દો થયાં હોય છતાં આખા આયુષ્યભર અનિર્વચનીય શાંતિથી જીવવાની અને આયુષ્ય પૂરું થાય ને સૌને જ્યાં જવાનું છે તે ધામમાં જવાનો વારો આવે ત્યારે મરણમાં રહેલા ડંખનું અને ચિંતાના વિજયના ભયનું તે નિવારણ કરે છે એ નાનોસૂનો ચમત્કાર છે?★ વહેલું કે મોડું મરણ જો આવવાનું જ છે તો તે ક્યારે તેની ફિકરમાં આગળથી જ શાને મરી જવું?''

તે પછી તેમણે તે લોકોને કુદરતી ઇલાજમાં મૂળ તત્ત્વો વિશે પહેલું પ્રવચન આપ્યું. તેનો સાર નીચે આપ્યો છે :

### કુદરતી ઉપચારનાં મૂળતત્ત્વો

''માણસનું ભૌતિક શરીર પૃથ્વી, પાણી, આકાશ, તેજ અને વાયુ એ પાંચ તત્ત્વો જે પંચમહાભૂતોને નામે ઓળખાય છે તેમનું બનેલું છે. એમાંનું તેજ તત્ત્વ શરીરને શક્તિ આપે છે. આત્મા તેને ચેતન આપે છે.''

### રામનામ

''એમાં સૌથી જરૂરી હવા છે. માણસ ખોરાક વિના અઠવાડિયાં જીવી શકે, પાણી વિના પણ થોડા કલાકો કાઢી શકે.

★ઈશ્વરના નામ જેવો શાન્તિની સ્થાપનાનો બીજો ચમત્કારી ઇલાજ મેં જાણ્યો નથી.

હવા વગર થોડી મિનિટમાં તેનો દેહ અટકી પડે. ઈશ્વરે તેટલા ખાતર હવા સૌને સહેજે મળે તેવી બનાવી. અન્નની ને પાણીની તંગી કોઈક વાર પડે, હવાની કદી નથી પડતી. આમ છતાં બેવકૂફોની માફક આપણે ઘરની અંદર બારીબારણાં વાસીને સૂઈએ છીએ ને ઈશ્વરની સાક્ષાત્ કૃપા જેવી તાજી ને ચોખ્ખી હવા ગુમાવીએ છીએ. ચોરની બીક લાગે તો રાત્રે ઘરનાં બારી બારણાં ભલે બંધ રાખો પણ તેથી જાતે તેમાં પુરાવાની શી જરૂર?''

''ચોખ્ખી તાજી હવા મેળવવાને માણસે ખુલ્લામાં સૂવું. પણ ખુલ્લામાં સૂઈ ધૂળ ને મેલથી ભરેલી હવા લેવાનો કશો અર્થ નથી. તેથી તમે જે જગા પર સૂવાનું રાખો ત્યાં ન ધૂળ હોય ન મેલ હોય. ધૂળ અને ટાઢથી બચવાને ઠેઠ માથે લગી ઓઢવાની કેટલાક લોકોને આદત હોય છે. મૂળ રોગના કરતાંય આ ઈલાજ ભૂંડો છે. બીજી બૂરી કુટેવ મોઢેથી શ્વાસ લેવાની છે. મોઢું ખોરકપાણી શરીરમાં લેવાનું અંગ છે. શ્વાસ લેવાનું નથી. નસકોરાં વાટે ફેફસાંમાં પહોંચતી હવા ગળાઈને ચોખ્ખી થઈને અને વળી જોઈએ તેટલી ગરમી પકડીને જાય છે.''

''જે કોઈ ફાવે ત્યાં ફાવે તેમ થૂંકી, કચરો કે ગંદવાડ નાખી, અથવા બીજી રીતે હવાને બગાડે છે તે કુદરતનો ને માણસનો ગુનેગાર છે. માણસનું શરીર ઈશ્વરનું મંદિર છે. એ મંદિરમાં જનારી હવાને દૂષિત કરનાર મંદિરને પણ અભડાવે છે. તેનું રામનામ લીધેલું મિથ્યા છે.''



# દક્ષિણ ભારતના ધાર્મિક વડા સાથે

(ગતાંકથી આગળ) **—અનુ : શ્રી યોગેશ્વરજી, પોલ બ્રન્ટન**

એ શહેરના સૌથી મોટા મંદિરમાં મળી શક્યા. અત્યંત નમ્ર, પાતળા, ભગવા ઝભ્ભાવાળા એ મહાપુરુષ સ્ત્રીપુરુષ તથા બાળકોના વિશાળ સમૂહને સંબોધી રહ્યા હતા. એ મોટા જનસમૂહમાં પૂરેપૂરી શાંતિ છવાયેલી હતી. એમની ભાષા હું સમજી ન શક્યો, પરંતુ એટલું તો સમજી શક્યો કે બુદ્ધિશાળી બ્રાહ્મણોથી માંડીને અભણ ખેડૂતો સુધીના જે સૌ ત્યાં એકઠા થયા હતા તે બધાનું ઊંડું ધ્યાન એ ખેંચી રહ્યા હતા. મને બરાબર સમજ તો ના પડી, પરંતુ એટલું તો સમજી શક્યો કે ગહનમાં ગહન વિષયો પર પણ એ અત્યંત સરળ રીતે બોલતા હતા. એ એમની લાક્ષણિકતા હતી.

એમના ઉદાત્ત આત્માની કદર કરવા છતાં, એમના અસંખ્ય શ્રોતાઓની એમનામાંની સહજ શ્રદ્ધા જોઈને મને ઈર્ષ્યા થઈ આવી. એમના જીવનમાં શંકાનાં વમળો ઊઠતાં નહોતાં. ઈશ્વર છે એવી માન્યતામાં જ એમની બધી વાતો સમાઈ જતી. એને એ બાબતનું જ્ઞાન નહોતું કે જ્યારે જગત જંગલના ઘોર અંધકાર જેવું ભયંકર લાગે છે, ઈશ્વરનું અસ્તિત્વ પણ શૂન્યવત્ બની જાય છે અને વિશાળ વિશ્વના દુનિયાને નામે ઓળખાતા આ નાનકડા ક્ષણભંગુર ટુકડા પર માણસનું પોતાનું અસ્તિત્વ પણ એક સાધારણ ટપકાથી વધારે કશું જ નથી લાગતું, ત્યારે આત્માની અંધારી રાત્રીઓમાંથી પસાર થવાનો અર્થ શો થાય છે?

મોટરમાં બેસીને અમને તારામઢ્યા વાદળી આકાશની

નીચેથી પસાર થતા ચીંગલપટથી બહાર નીકળ્યા. એકાએક વાતા વાયુને લીધે પાણીની સપાટી પર હાલતી તાડવૃક્ષોની ડાળીઓનો સ્વર હું સાંભળી શક્યો.

એટલામાં તો મારા સાથીદારે શાંતિનો ભંગ કર્યો.

'તમે સાચોસાચ સદ્ભાગી છો!'

'કેમ?'

'કારણ કે શંકરાચાર્યે એક અંગ્રેજ લેખકને આપેલી આ પહેલી જ મુલાકાત હતી.'

'એમ?'

'એથી તમને એમના આશીર્વાદ મળ્યા!'

★ ★ ★

ઘેર આવ્યા ત્યારે લગભગ મધ્યરાત્રીનો વખત થઇ ગયેલો. મેં મારા માથા ઉપર છેલ્લી નજર નાખી. વ્યોમના વિશાળ ઘુમ્મટમાં તારાઓ અસંખ્યની સંખ્યામાં જડાઇ ગયેલા. યુરોપમાં ક્યાંય પણ એમનું દર્શન આટલા બધા પુષ્કળ પ્રમાણમાં નથી થતું. પગથિયાં પરથી દોડીને હું ઓસરીમાં ગયો ને મારી બેટરી ધરીને ઊભો રહ્યો.

અંધકારમાંથી એક નીચી નમેલી આકૃતિએ ઊઠીને મારું સ્વાગત કર્યું.

હું આશ્ચર્યચકિત બનીને બોલી ઊઠ્યો : 'સુબ્રહ્મણ્ય! અહીં શું કરો છો?' ભગવા ઝભ્ભાવાળા યોગીએ અટ્ટહાસ્ય કર્યું.

'મેં તમને મળવાનું વચન નહોતું આપ્યું?' એમણે ઠપકો દેતા હોય તેમ યાદ દેવડાવ્યું.

'બરાબર.'

વિશાળ ઓરડામાં આવીને મેં પૂછી નાખ્યું :



'તમારા ગુરુ મહર્ષિ કહેવાય છે કે?'

હવે એ અચરજ પામ્યા.

'તમે કેવી રીતે જાણો? તમને તેની ખબર કેવી રીતે પડી?'

'એ વાત જવા દો. કાલે આપણે બન્ને એમને ત્યાં જવા માટે પ્રસ્થાન કરીશું. હું મારો કાર્યક્રમ બદલી નાખીશ.'

'આ સમાચાર અત્યંત આનંદદાયક છે.'

'પરંતુ હું ત્યાં લાંબો વખત નહીં રહી શકું. થોડા દિવસ જ રહી શકીશ.'

પછીના બીજા અડધા કલાક દરમ્યાન મેં એમને કેટલાક બીજા પ્રશ્નો પૂછ્યા અને પછી ખૂબ થાકેલો હોવાથી હું સૂવા ગયો. જમીન પર પડેલી તાડપત્રીની ચટાઇ પર સૂઇને સુબ્રહ્મણ્યે સંતોષ માન્યો. ગાદી, ચાદર તથા કામળી તરીકે કામ આવતા જાડા સુતરાઉ કપડાથી એમણે પોતના શરીરને ઢાંકી દીધું ને વધારે આરામદાયક બિછાના માટેની મારી દરખાસ્ત એમણે નકારી કાઢી.

એ પછીની જે ઘટનાની મને સ્મૃતિ છે તે એ કે મારી આંખ એકાએક ઊઘડી ગઇ. ઓરડામાં એકદમ અંધારું હતું. મારા જ્ઞાનતંતુ તંગ બની ગયા. મારી આજુબાજુનું વાતાવરણ વીજળીની અસરવાળી હવાથી ભરપૂર થઇ રહ્યું. ઓશીકા નીચેથી ઘડિયાળ કાઢીને એના રેડિયમથી પ્રકાશિત શરીર તરફ જોયું તો સવારના પોણા ત્રણ વાગ્યા હતા. એ જ વખતે મારી પથારી પાસે મને કોઇ તેજસ્વી પદાર્થ દેખાયો. મેં તરત જ બેઠા થઇને એની તરફ જોવા માંડ્યું.

મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે એ વદન અને સ્વરૂપ શંકરાચાર્યનું હતું. એ કોઇ પણ જાતની શંકા વગર સ્પષ્ટ રીતે

જોઇ શકાયું. એ કોઇ અવકાશમાં રહેતા પ્રેત જેવા નહોતા દેખાતા, નક્કર માનવ હતા, એમની આજુબાજુ રહસ્યમય પ્રકાશ પથરાયેલો હતો, જે એમને આસપાસના અંધકારથી અલગ પાડતો.

આવું દર્શન ખરેખર અસંભવિત હોય? મેં એમને ચીંગલપટમાં નથી છોડ્યા? એ ઘટનાની ખાતરી કરવા મેં મારી આંખને જોરથી મીંચી દીધી, છતાં કશો ફરક ન પડ્યો અને એટલા જ સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યા!

એટલું કહેવું પૂરતું થશે કે એમની હાજરી મને મિત્રતાભરી તથા માયાળુ લાગવા માંડી. મેં આંખ ખોલી ને ઢીલા ભગવા ઝભ્ભાવાળી એ આકૃતિને જોવા માંડી.

એમનો ચહેરો બદલાયો, કારણકે હોઠ હસીને કહેવા માંડ્યા : 'નમ્રતા ધારણ કરો ને જે શોધો છો તે તમને જરૂર મળશે.'

એક જીવતીજાગતી વ્યક્તિ મને સંબોધી રહી છે, એવી લાગણી મને શા માટે થઇ? મેં એને વધારે કાંઇ નહીં તો પ્રેત કેમ ના માની?

એ દર્શન જેવી રહસ્યમય રીતે થયું તેવી જ રહસ્યમય રીતે વિલીન થયું. એ અસામાન્ય પ્રકારનાં દર્શનથી મને સુખ મળ્યું, સ્વસ્થતાની પ્રાપ્તિ થઇ અને ઉત્તમ અવસ્થાનો અનુભવ થયો. એક સ્વપ્ન માનીને એની ઉપેક્ષા કરું? એથી શો ફેર પડશે?

એ રાતે મને વધારે નિદ્રા ન આવી. દિવસ દરમિયાન થયેલા મેળાપ વિશે અને દક્ષિણ ભારતની સીધીસાદી જનતાના ઈશ્વરીય પ્રતિનિધિ જેવા કુંભકોનમના શંકરાચાર્ય સાથેની યાદગાર મુલાકાત વિશે વિચારો કરતાં હું જાગતો પડી રહ્યો.



# પૂ.માની સ્વિત્ઝર્લેન્ડ યાત્રા

—મા સર્વેશ્વરી

### જરમીટથી ઈન્ટનલેકન

આ નાનકડા દેશમાં ૨૦૦ ટનલ્સ છે. આખો દેશ પહાડી વિસ્તારમાં પથરાયેલો છે. ગિરિમાળાનું વરદાન પામેલા આ દેશના દરેક પર્વત ઉપર જાણે પ્રભુનો નિવાસ હશે.

સમૃદ્ધિની દૃષ્ટિએ ૨૦૦ પર્વતને કોતરીને સીધા માર્ગ બનાવવા એ નોંધપાત્ર ઘટના છે.

ભારતમાં આવા અનેક પર્વતો છે, પણ તે દરેક પર્વત ઉપર એક મંદિર તો ઓછામાં ઓછું હોય જ.

આ દેશમાં જાણે પ્રભુને પામવા આ ૨૦૦ ગુફા આ પ્રજાએ બનાવીને સમજાવ્યું કે બધા જ થોડા થોડા દશ્યમાન જગતને માણતા જાવ ને જેવી ગુફા આવે એટલે અંધકારભરેલી ગુફામાં પ્રકાશ પામવા વૃત્તિને અંતરમુખ કરી દો. તપ કરવા માંડો, તો એ પર્વતના મસ્તકે બિરાજેલા પ્રભુના દર્શન થશે.

આ પ્રજાએ પર્વતને વીંધીને માર્ગ બનાવ્યા, જેમાં એકજ સ્તર ઉપર આખો દેશ એક બની ગયો.

આપણે પણ આપણા જીવનના નડતા સર્વ પહાડને કોતરી કોતરીને સીધા, સરળ કરીને પ્રભુને પધારવાની પગદંડી તૈયાર કરવાની છે. એવો કંઇક સંદેશ આ દેશની આ ૨૦૦ ગુફા આપી રહી છે. દરેક ટનલમાં અંધકાર જ હોય છે. અંદરની ખોજ માટે બહારના પ્રકાશની જરૂર નથી. એવું પણ કહી રહી છે આ ગુફા.

ટનલ્સને લીધે ઝડપથી ટૂંકા માર્ગે જ્યાં પહોંચવાનું છે ત્યાં પહોંચી શકાય.

સ્વિત્ઝર્લેન્ડ એ રીતે સમૃદ્ધ છે. અહીં વિશ્વની સૌથી વધુ શ્રી લક્ષ્મી પ્રવાસ કરી કરીને આવીને વસી છે. કહે છે અહીં સ્વચ્છતા છે, સમૃદ્ધિ છે, પ્રામાણિકતા છે. કદાચ એટલે શ્રી લક્ષ્મીજી પણ અહીં જ વસ્યાં હશે.

જાણવા જેવું, નોંધવા જેવું ને જોવા જેવું તો ઘણું છે, ને હશે પણ સર્વ સાહસની સફળતા પાછળ શ્રી હરિ વસે છે. એની જ ઈચ્છા ને યોજના હોય તો જ દેશ સમૃદ્ધ હોઇ શકે. રિદ્ધિ સિદ્ધિની કૃપા પામી શકે.

આ યાત્રામાં હે હરિ, બીજું બધું તો ઠીક પણ મંત્રજાપ કરાવી લેજો. કલ હો ના હો. મંત્રજપથી આ જીવનને સજાવી લેવાની પ્રવૃત્તિ જ કરવા જેવી છે.

સાથેની આખી મંડળી પૂર્ણ અનુકૂળ છે, કારણ આપ અનુકૂળતાના સ્વામી સૌના મસ્તકે છો. હે મારા નાથ, પ્રણામ પ્રણામ, પ્રણામ, પ્રણામ.

અહીં પાણીની બોટલ ખરીદી છે તે તેના ઉપર નામ છે **vitteL** મા એ નામ વાંચ્યું ત્યારે તેજ ક્ષણથી વીટલ નહીં વિઠ્ઠલ છે અને એટલે પંઢરપૂર ને તુકારામ, જ્ઞાનેશ્વર, એકનાથ આ બધી જ સાત્વિક, દર્શનીય, સ્મરણીય શ્રેણી સતત મન અંતરને ઘેરી વળી છે.

એરપોર્ટ પર ઉતરતાં એક બોર્ડ વાંચ્યું. તેમાં મા OM વંચાયું. પછી ધારીને વાંચ્યું તો O ન હતો. E હતો. E એવો કલાત્મક હતો કે તે O વંચાતો હતો. ને O ની સાથે M હતો



એટલે મા ને ૐ ૐ જ વંચાતો હતો.

જરાક જ નિમિત્ત મળતાં શ્રી હરિ નામ જ ઘુંટાતું રહે તે શ્રી હરિની કૃપા છે.

સ્વિત્ઝર્લેન્ડની આ ધરતી ઉપર આ જરમીટ નામનું શહેર પર્વતની ગોદમાં જેમ બાળક રમે મા ના અંકે એવું છે.

રેલ્વે સ્ટેશનના ૩, ૪ પ્લેટફોર્મ છે. આ પ્લેટફોર્મ ઉપર ઘણાં ઘણાં મોટા અક્ષરોમાં લખ્યું છે. વેલકમ અને વેલકમની નીચે અહીંની ભાષામાં પણ આવકારતો એક શબ્દ છે અને તેની નીચે હિન્દીમાં **स्वागतम्** । હા, હિન્દીમાં સ્વાગતમ્ ૩, ૪ ફૂટની સાઇઝમાં તે અક્ષરો હતા.

હાશ, ભારત અહીં જીવંત છે. અહીં હિન્દીનો અક્ષરદેહ વરસોથી વસતો હશે. જોતાં હાશ, વાંચતા હાશ.

એ અક્ષર આપણા છે. ભારતના છે. સ્વાગતમ્ શબ્દ જેણે પણ લખવાની પ્રેરણા કરી હશે. તેને ધન્યવાદ.

ભારતીય પ્રજા અહીં અવારનવાર પ્રવાસી તરીકે પધારે છે. એવું ધ્યાન કદાચ અહીંની સરકારને કોઇકે દોર્યું હશે ને રેલ્વે સ્ટેશન ઉપર આ વિદેશની ધરતી ઉપર આપણા ભારતનો પ્રચલિત, સન્માનીય, આદરણીય શબ્દ 'સ્વાગતમ્' આવીને વસી ગયો છે.

માને તો ખૂબ આનંદ થયો પણ સૌને પણ એ શબ્દ ખૂબ ગમ્યો. આપણો શબ્દ અહીં વાંચ્યો એટલે આપણને આ સ્વિત્ઝર્લેન્ડ પણ આપણો જ લાગ્યો છે.

આજે એજ રેલ્વે સ્ટેશનથી પર્વતીય વિસ્તારમાં ઉંચે ને ઉંચે ચઢતી ટ્રેઇનમાં બેસવાનું છે.

ટીકીટનો પાસ તો એક મહિનાનો ગઈકાલે જ ખરીદી લીધો હતો. એ પાસને લીધે અર્ધી રકમમાં આજની બધી ટીકીટ મળી છે.

૧૦–૨૯ની ટ્રેઈન હતી. બરાબર એજ સમયે ઉપડશે. પ્લેટફોર્મમાં પ્રવેશવા નાનાં નાનાં દ્વાર જેની ઉપર આપણી ટીકીટને અડાડીએ એટલે કોમ્પ્યુટરથી એ ચેક થઈને પેલો નાનકડો દરવાજાનો એક દંડો નીચે પડે એટલે તો જ આપણે પ્લેટફોર્મમાં પ્રવેશ પામી શકીએ.

કોઈપણ પ્રવાસી ટીકીટ વગર પ્લેટફોર્મ કે રેલ્વેમાં બેસી ના શકે. કેવી સરસ સુવિધા છે!

માર્ગમાં પ્રકૃતિમાતાનો વૈભવ ઉઘાડી આંખે સૌ માણી રહ્યા છે.

આકાશને અડતા વિવિધ પર્વતરાજ સ્વિત્ઝર્લેન્ડના મુકૂટ જેવા શોભે છે. વળી તેમાંથી નાના મોટા જળપ્રવાહ ધોધના રૂપે ધરતી ઉપર વરસતા જોવા મળે છે.

શ્રી હરિની પરકૃપાની ધાર પણ એજ રીતે ઉપરના લોકમાંથી પ્રગટીને ધરતી ઉપર વસતા આપણા સૌને ભીંજવતી રહે છે. કહો કે આપણી કાળાશને ધોવા કૃપા કરતી ખળખળ વહેતી શીતળ ઝરણી ધોધ બનીને આપણને પવિત્ર કરી રહી છે.

માનવ શરીર એ શ્રી હરિની સર્વોત્તમ કૃપાનો જ પ્રસાદ છે ને! તે શરીરને પવિત્ર કરવા ઉપરના લોકથી શ્રી હરિ આવા શીતળ, સ્વચ્છ જળપ્રવાહ જેવા સંતોને પૃથ્વીપટે વહેતા કરે છે.

આ કૃપાને સમજવા પણ આંખ જોઈએ.

ગિરિરાજના શ્રી તનુએ કાળાશ ધારણ કરી છે. પ્રકૃતિ



માતાને પોતાના સંતાન કાળામેશ જેવા લાગે તેમાં શરમ આવે એટલે પ્રકૃતિમાતાએ હરિયાળીને સમજાવીને આ ગિરિરાજની સેવામાં સમર્પી પરિણામે કર્મની કાળાશ હરિયાળીથી ઢંકાઈ ગઈ.

અરે! શિયાળામાં તો હીમદેવતા પણ આ ગિરિરાજની સેવામાં હાજર થઈ જાવ. અને શ્વેત વસ્ત્રનું દાન ગિરિરાજને કરીને એમની શોભા વિશ્વની અજાયબીમાં પલટાવી નાંખે છે.

હિમાચ્છાદિત ગિરિમાળા હિમાલયનું પવિત્ર સ્મરણ કરાવે છે. અરે! ભગવાન શંકરના કૈલાસધામનું સ્મરણ કરાવે છે.

સર્વ કાળાશ મનની છોડીને સાધકે સાત્વિક, પવિત્ર, ઉજળા, ધવલ બનવાનું છે. એવું સ્મરણ પણ સતત રહ્યું છે.

ચારેબાજુ શ્વેતરંગી વિશ્વ હોય ત્યાં કાળાશ કેવી રીતે જીવે!

સંસારને રક્ષાયેલો રાખવા શ્રી હરિ જાણે સામસામે પર્વતરાજ બનીને ઊભા હોય તેવું પણ લાગે છે.

સત્કર્મનાં ફળો સફેદ દૂધ જેવાં શીતળ શાંતિપ્રદાયક હોય એવું પણ આ હિમાચ્છાદિત ગિરિમાળા સમજાવી રહી છે. એ રીતે કુકર્મનાં ફળ કાળા, વિશાળ, ભયાનક જોતાં ડર લાગે તેવાં મળે એવું પેલી ગુફાના પથ્થરો માને ભણાવી રહ્યા છે.

(ક્રમશઃ)

# પ્રસન્નતા અને લજ્જા

—સંતવાણી

## પ્રસન્નતા

મુક્ત જીવનની આધારશિલા એ છે કે આપણે પોતાના સુખ માટે અન્ય પર નિર્ભર ન રહીએ.

**અપને દુઃખ મેં રોને વાલે મુસ્કુરાના સીખ લે,**
**દૂસરોં કે દર્દ મેં આંસુ બહાના સીખ લે,**
**ખિલાને મેં જો મજા હૈ વો ખુદ ખાને મેં નહીં હૈ,**
**જીંદગી મેં તૂ કિસી કે કામ આના સીખ લે.**

લોકોને જીંદગીનો પણ થાક લાગે, જીવનમાં કંટાળો, થાક, હતાશા, કોઈજ દિવસ નવો નથી બધું એનું એજ ટી.વી., અખબાર, ટ્રેન, નોકરી, ખાવુ, મોડી રાત સુધી જાગવું, સવારે મોડા ઉઠવું.

સવારના સૂર્યોદયની લહેજતની ખબરજ નથી. તાજા ફૂલ અને ઝાકળની એને ખબર જ નથી. આકાશના બદલાતા રંગોને કદી જોયા જ નથી. પંખીનો કલરવ કદી સાંભળ્યો જ નથી. ચોમાસામાં દેડકાની જુગલબંદી ક્યારે માણી જ નથી.

ધન મેળવવા સ્વાસ્થ્ય બગાડે અને જીવનની પાછલી અવસ્થાએ સ્વાસ્થ્ય મેળવવા ધન બગાડે.

★ સુખી માનવ પાસે પ્રસન્નતાની ઔષધિ ચેતના શક્તિમાં ભળી જાય છે.



★ હાસ્યનું ઔષધ ઘરડાને યુવાન બનાવે.

★ પ્રસન્નતાની જડીબુટ્ટી તો સૌંદર્યનું અણમોલ પ્રસાધન છે.

★ ઉડતુ પતંગિયું આપણા પર બેસે તોયે આપણી બધી જ ઉદાસીનતા દૂર થઈ જાવ.

★ નાના બાળક સાથે ગેલ કરતા, મરણતોલ થયેલી આપણી ચેતના સજીવન થઈ જાય.

★ પ્રસન્ન રહેતી વ્યક્તિને ક્યારે પણ હૃદયની બિમારી આવતી નથી.

પ્રસન્નતા, ધન, વૈભવ, મિલકત, મહેફીલમાં, વ્યસનમાં કે આરામમાં નથી.

હસતો રહ્યો છું સદા હસતો જ રહીશ,
આવશે સમય રડવાનો તો હસતા હસતા રડીશ,
સૌને રડાવતા આ મોતને હસાવીને જ હું મરીશ,
રડનારા તમે સૌ હસજો પછી હું મરીશ,
ખોવાઈ જાઉં ક્યારેક તો શોધજો મને,
હું અવશ્ય જડીશ,
કોકના રડતા ચહેરામાં નહીં,
હસતા ચહેરામાં તો હું જ જડીશ.

## લજ્જા

સ્ત્રી જ્યારે લજ્જાનો ત્યાગ કરે એટલે કે શરમ છોડી દે ત્યારથી તે સ્ત્રી સુંદરતાનું સૌથી મહત્ત્વનું આકર્ષણ ખોઇ બેસે છે.

સ્ત્રીના સૌંદર્ય માટે લજ્જા પવિત્ર પ્રસાધન છે.

અને

પુરુષ જ્યારે સ્ત્રી પર અત્યાચાર કરે ત્યારે એ પુરુષનું પુરુષત્વ લાજે છે.

**સફળતા જીંદગીની હસ્તરેખામાં નથી હોતી,**
**ચણાયેલી ઈમારત તેના નકશામાં નથી હોતી.**

★ દારૂની બોટલ પર દૂધનું લેબલ લગાડવામાં આવે તો એ પીવાથી તો શરીરને હાનિ જ થશે.

★ તેલના ડબ્બા પર શુદ્ધ ઘીનું લેબલ લગાડ્યા પછી પણ તેલ તો તેલ જ રહે છે. ઘી બનતું નથી.

★ કડવા લીંમડાના પાનને ગોળ સાથે ખાવામાં આવે તોયે તેની કડવાહટ જતી નથી.

★ વ્યક્તિનું નામ કોઈપણ હોય, પરંતુ એ વ્યક્તિનું ચારિત્ર્ય સારું હોય એ જ એની ઓળખાણ હોય છે.

**તાંબા કિ સંગત કિયા, જાય કનક કો મોલ,**
**દિનાં ચાર સરસોં રહે, પીછે મોલ ન તોલ,**
**પૂરા જીવન યૂં હી જગત, માયા સંગ ખુશાલ,**
**ભોગ ભોગવે ચાર દિન, અંત ખરા બેહાલ.**



### પ.પૂ.મહારાજ શ્રી રણછોડદાસજીના જીવનના

# પ્રેરક પ્રસંગો

—મૂળ લેખિકા દમયંતીબેન સેજપાલ
—સંક્ષેપ :– પરમાર્થી

### સંત વિટપ સરિતા ગિરિધરણી

'બાપુનું સ્વાસ્થ્ય ઠીક નથી.' આવા સમાચાર ગોંડલમાં હરિચરણદાસજી મહારાજને મળતાં એ દીનુભાઈનાં મા સાથે મોટરરસ્તે રાજકોટ આવવા નીકળ્યા. રસ્તામાં વરસાદ અને પવનનું સારું એવું તોફાન નડ્યું. પાણી મોટરના એન્જિનમાં પણ ભરાઈ ગયું. ગાડી બંધ પડી ગઈ. એ લોકો અરધે રસ્તે અટવાઈ પડ્યાં. ગાડી ફરી ચાલુ કરવા માટે વાપરેલી ડ્રાઈવરની બધી હોશિયારી નકામી સાબિત થઈ ગઈ. થોડી વાર પછી એક ખાલી ટેકસી ત્યાં આવી. એમાં બેસીને બન્ને રાજકોટ ગયાં. પૂજ્ય શ્રી પાસે એ લોકો પહોંચ્યા કે તરત એમણે પૂછ્યું : 'ક્યોં ગાડી બીગડ ગઈ? યહીં કૈસે આયે?'

'ટેકસીમાં.' હરિચરણદાસજીએ જવાબ આપ્યો.

'યદી ટેકસી નહીં મિલતી તો?'

'વરસાદમાં પડ્યાં રહેત.'

'ઐસા ક્યોં? પરિસ્થિતિ વિકટ હો જાય તબ ઉસકા કોઈ ઉપાય કરના ચાહિયે. નિરુત્સાહ હોકર કહીં બૈઠા જાતા હૈ?' પૂજ્યશ્રીએ જીવનને પણ એ રીતે જીવી જવાનો જાણે રસ્તો બતાવ્યો.

કલાકો સુધી વરસાદ એકધારો વરસતો જ રહ્યો. આખરે

એક ભક્તે હિંમત કરીને કહ્યું, 'બાપુ! આ મેઘરાજા આમ જ પ્રાટકતો રહેશે તો અખંડ નામકીર્તનનો નિયમ તૂટી જશે. બધાં ૨૪ કલાક પલળે તો માંદા જ પડે ને?'

'અચ્છા ઐસી બાત હૈં?' પૂજ્યશ્રી હસ્યા. હરિચરણદાસજી મહારાજ તરફ ફરીને બોલ્યા, 'ચલો હરિચરણ, કુછ ઉપાય કરો.'

બન્ને એક એકાંત ઓરડામાં ગયા. ત્યાં જઈને કહ્યું : 'હરિચરણ, હનુમાન બાહુક કા પાઠ શુરુ કરો.' એ પાઠ કરતા રહ્યા ને પૂજ્યશ્રી કંઈક મંત્રોચ્ચાર કરતા રહ્યા. થોડી વારમાં એકદમ હવા શરૂ થઈ. વરસાદ સાવ ધીમો પડી ગયો. ને એક કલાક પછી તો આકાશ સંપૂર્ણ સ્વચ્છ બની ગયું!

નગરકીર્તન આનંદથી પૂરું થઈ ગયું. ચોવીસ કલાક પૂરા થઈ જતાં સંઘ આશ્રમ તરફ વળ્યો. ચાલતાં ચાલતાં તેઓશ્રી કીર્તન કરનારાઓની સામા આવ્યા. એમને આવતા જોઈને ભક્તોનો ઉત્સાહ અનેકગણો વધી ગયો. 'શ્રી સદ્‌ગુરુદેવ કી જય'ના આનંદમિશ્રત ધ્વનિ સાથે સહુ પ્રસન્ન બનીને શ્રી ચરણોમાં ઢળી પડ્યા.

વાત નાની, પણ કેટલી બધી પ્રેરણાદાયી!

**મેરે મન પ્રભુ અસ વિશ્વાસા**

ગુના નેત્રયજ્ઞ પૂરો થયા પછી મોટર રસ્તે પૂજ્યશ્રી અનંતપૂર જવા નીકળ્યા. સાથે ઠાકોરભાઈને લીધા. પૂજ્ય શ્રી પ્રત્યે એમને ગજબનું ખેંચાણ.

ઠાકોરભાઈ મોટર ચલાવતા હતા. એમની આગળ લગભગ બેત્રણ ફર્લાંગ દૂર ટ્રક ચાલી જતી હતી. રાતનો સમય ને કાચો



ધૂળિયો રસ્તો. તેથી પૂજ્યશ્રીએ સૂચના આપી : 'દેખો ઠાકુર આગે ટ્રક જાતા હૈ ઉસ કે પીછે પીછે અપની ગાડી સાવધાની પૂર્વક ચલાતે જાઓ.'

પરંતુ ખટારો ક્યારે દૂર નીકળી ગયો તે ઠાકોરભાઈને ન દેખાયું. એની જગ્યાએ લાલ બત્તી જેવું નિશાન દેખાયું. એને જ ખટારાની પાછળની લાલ બત્તી સમજી ને સીધી દિશામાં એમણે મોટર ચલાવ્યે રાખી. પરંતુ મોટર જેવી નજીક પહોંચી ને મોટરની લાઈટ રસ્તા પર પડીએ સાથે એમના મોઢામાંથી 'હે રામ' શબ્દો નીકળી પડ્યા, સ્ટિયરિંગ છૂટી ગયું. આગળ મોટું નાળું ને ખાડો હતાં! બ્રેક મારી શકાય એટલો સમય રહ્યો નહોતો. જે લાલ બત્તીને એ ખટારાની બ્રેક લાઈટ સમજી બેઠેલા તે ભયજનક નિશાન દર્શાવતા ફાનસનો લાલ પ્રકાશ હતો.

ઠાકોરભાઈએ જેવું સ્ટિયરિંગ છોડી દીધું એ સાથે જ સ્ટિયરિંગ ગજબ રીતે એની મેળે જ્યાં 'ડાયવરઝન' હતું ત્યાં, કાચા રસ્તા પર ફરી ગયું અને મોટર ડાબી બાજુ ઊતરીને એક ધક્કા સાથે ઊભી રહી ગઈ. પૂજ્યશ્રી સ્વસ્થતાપૂર્વક નીચે ઊતર્યા ને મોટરના ચારે વ્હીલ તપાસ્યા પછી કહ્યું : 'ચલો, કુછ નહીં હુઆ. ગાડી આગે ચલાઓ.'

પરંતુ ઠાકોરભાઈનો ગભરાટ શમ્યો નહોતો. એ બોલ્યા : 'પણ આ સ્ટીયરિંગ એની મેળે ફરી શી રીતે ગયું?'

પૂજ્યશ્રી હસ્યા : ઠાકુર, તુમને મદદ કે લિયે રામ કો બુલાયા થા ન? 'ઉન્હોંને આકર તુમ્હારા સ્ટીયરિંગ ઘુમાકર હમેં બચા લિયા. અબ ધીરે ધીરે મોટર ચલાકર ઇતના કચ્ચા રાસ્તા પાર કર દો. મૈં આગે ચલતા હૂં. મેરે પીછે આઓ.'

ફફડતે હૈયે ને ધ્રુજને હાથે ઠાકોરભાઈએ 'ડાયવરઝન'નો રસ્તો પસાર કર્યો. આગળ જતાં ધુમ્મસ નડ્યું. ઘોર અંધારું ને સામે ધુમ્મસ નડ્યું. કંઈ દેખાય નહીં. છતાં પૂજ્યશ્રીમાં વિશ્વાસ રાખી, ધીમે ધીમે મોટર ચલાવીને એ અનંતપુર પહોંચી ગયા.

ત્યાં થોડા દિવસ રહીને પુષ્કર આવવા નીકળ્યા ત્યારે ફરી મુસીબત આવી. અજમેર પહોંચતાં મોટરનાં બ્રેક અને હોર્ન બગડી ગયાં. ઠાકોરભાઈએ સરળભાવે કહ્યું : 'બાપુ! હવે ગાડી નહીં ચાલે. આ રીતે ગાડી ચલાવવી ગુનો કહેવાય. પોલીસને ખબર પડશે તો આપણને પકડશે.'

'તુમ ધીરે ધીરે ગાડી ચલાતે રહો, પુષ્કર કે ઉતારમેં પેટ્રોલ દેના બિલકુલ બંદ કર દેના ઔર બ્રેક પર પૈર રખના' પૂજ્યશ્રી સૂચનો આપતા ગયા તે પ્રમાણે ઠાકોરભાઈએ મોટર ચલાવ્યે રાખીને એ રીતે સહીસલામત વગર પેટ્રોલ, વગર હોર્ને અને વગર બ્રેકે પહોંચી ગયા!

પૂજ્યશ્રી, જેમનું સમગ્ર આચરણ ભગવાન શ્રીરામના અનન્યાશ્રિત ભક્ત સરખું હતું, એમના સરખા નિષ્ઠાવાન ભક્તશિરોમણિના જીવનમાં જ્યારે 'ચમત્કાર' કહી શકાય એવી ઘટનાઓ બને છે ત્યારે એ દ્વારા જાણે ભગવાન સ્વયં પણ 'ભક્તોનો મહિમા સહુથી વિશેષ છે,' એનું સમર્થન કરવા અને એમના મહિમાને વધારવા માટે કૃપા કરીને ભક્તોને ભયંકર સંકટોમાંથી ગેબી રીતે ઉગારી લે છે અને એ રીતે દુનિયાને પોતાનો ચમત્કાર બતાવે છે.

આ પ્રસંગે ઠાકોરભાઈએ કૃપાળુ શ્રીગુરુદેવનાં અને પૂજ્યશ્રીએ ભગવાન રામનાં ગુણગાન ગાયાં.



## ધન્ય સો દેશ શૈલ બન ગાંઉ

બિલાસપુર નેત્રયજ્ઞ સમાપ્ત થયા પછી પૂજ્યશ્રી બધા ભક્તો સાથે જગન્નાથપુરીની યાત્રાએ નીકળ્યા. ધનજીમૂળજીની ધર્મશાળામાં સહુનો ઉતારો રાખ્યો. ત્યાં લગભગ પાંચ દિવસ સુધી રહેવાનો કાર્યક્રમ હતો. પાંચે દિવસ સાધુભોજન અને દરિદ્રનારાયણનો ભંડારો ચાલુ રાખવો એવો ભક્તોએ નિર્ણય લીધો.

જગદીશમાં રક્તપિત્તિયાંઓ ખૂબ છે.

ભોજનમાં રોજ ભાત, દાળ, શાક, વગેરે બનતું. જમનારાંઓની સંખ્યા પાર વિનાની. પરંતુ રસોઈ માપસરની હોય. પૂજ્યશ્રી રસોડામાં જઈને તપેલાં પર કપડું ઢાંકીને એમાં હાથ ફેરવી આવે. બસ, પછી મા અન્નપૂર્ણા ત્યાં આવી જાય. ગમે તેટલું પીરસવા છતાં રસોઈનું તળિયું ન દેખાય.

એકાદશીને દિવસે દાળભાતને પૂરીશાક બનાવવાનો નિર્ણય લેવાયો. પરંતુ અસંખ્ય માણસોની પૂરીને શી રીતે પહોંચાય! પૂરી પણ ખાસ્સી ૨૦ મણ લોટની બનાવવાની હતી. ભક્તોએ આખી રાત પૂરી વણ્યા કરી. વૈષ્ણવદાસજી મહારાજ, હરિચરણદાસજી મહારાજ, ભવાનીશંકરભાઈ વગેરે કડાઈ પર બેઠા રહ્યા. સહુની સાથે એ રાત્રે પૂજ્યશ્રી પણ જાગતા રહ્યા.

દળેલા લોટની ગૂણીઓ ખડકાઈ હતી અને એના પર પૂજ્યશ્રી બેઠાં હતા. કોઈક એ દિશામાં જુએ એટલે કહે, 'અબ તો ચાર હી બોરા કી પૂડી બેલના હૈ.' 'બસ અબ તીન, અબ દો, ઔર યહ તો આખરી હૈ.'

'શ્રી રામ જય રામ જય જય રામ'ની ધૂન મચાવતાં

ભક્તોએ સવાર પાડી દીધી.

પૂરી તો બની. પરંતુ એ રાખવી શેમાં? પૂજ્યશ્રીએ એનો પણ રસ્તો કાઢ્યો. જમીન ધોઈ એના પર પતરાળાં પાથરી પૂરીના ઢગલા કરાવ્યા. ફરતો કપડાનો પડદો લગાવી દીધો. ત્યાં નવી મુસીબત આવી. એકાએક ઈન્દ્રાધાર વરસાદ શરૂ થયો. પરંતુ જેવો વરસાદ શરૂ થયો કે તરત પૂજ્યશ્રીએ પોતાના પહેરવાના અંચલા મંગાવ્યા. બધી પૂરીઓ પર એ ઢાંકી દીધા. એક કલાકને અંતે જ્યારે વરસાદ બંધ થયો ત્યારે અંચલા ઉપાડી લેવામાં આવ્યા. આશ્ચર્ય! બધા કપડાં પાણીથી નીતરી રહ્યાં હતાં પણ પૂરી કોરી રહી હતી!

કેટલાક લોકો જ્યાં જાય છે ત્યાં આનંદ ફેલાવી દે છે જ્યારે કેટલાક લોકો જ્યાંથી જાય છે ત્યાં આનંદ ફેલાય છે.

ઈશ્વર પોતાના બાળકોની આંખો ક્યારેક ક્યારેક આંશુઓથી ધોઇ નાખે છે, જેથી જે સત્ય છે તેને બરાબર જોઇ શકે.

જે કષ્ટનો ઉપાસક બને તે જ કૃષ્ણનો ઉપાસક બની શકે, કારણ કે કૃષ્ણને પણ કૃષ્ણતત્ત્વ કષ્ટમાંથી પ્રાપ્ત થયું છે.



# પ્રભુપ્રાપ્તિનો માર્ગ

**શ્રીમદ્ રાજચંદ્ર**

છત્રપતિ વીર શિવાજીએ પોતાના ગુરુ સિદ્ધ મહાત્મા સ્વામી રામદાસને કહ્યું, "ગુરુદેવ, આપે તો પ્રભુનો સાક્ષાત્કાર કરેલો છે અને હવે આપના આશ્રમમાં આપ દિનરાત ઘણા કલાકો ધ્યાનમગ્ન રહીને પ્રભુના સંપર્કમાં રહી શકો છો, પણ આપ જાણો છો કે મારે યવનો સામે ધર્મ, સંસ્કૃતિ તથા માતૃભૂમિના રક્ષણ કાજે સતત કાર્યશીલ રહેવું પડે છે. મને તો પ્રભુનું ધ્યાન કરવા માટે સમય પણ રહેતો નથી. તો શું હું આ જન્મમાં પ્રભુના સાક્ષાત દર્શન નહીં કરી શકું?"

સમર્થ સ્વામી રામદાસે જવાબ આપ્યો, "બેટા, શ્રીરામ તો હાલમાં પણ હાજરાહજૂર છે. એમના પ્રત્યે અખૂટ પ્રેમ ને શ્રદ્ધા જોઈએ. બેટા, **સદા ખાતેપીતે જપો રામનામ.** જ્યારે કોઈ વસ્તુ તું ખાવા માંડે કે કોઈ વસ્તુ તું પીવા માંડે ત્યારે, ઈષ્ટદેવ શ્રીરામના નામનું રટણ કરવા લાગ. આમ કરવાથી તારા ખાનપાન ચમત્કારિક રીતે સાત્ત્વિક બની જશે. આવા ખાનપાનથી તારા લોહીનું રૂપાંતર થઈ જશે. લોહીમાં સાત્ત્વિકતા આવી એટલે તારું ચિત્ત દિવ્ય બની જશે. ચિત્ત જ્યારે દિવ્ય બની જશે ત્યારે તેને ખુલ્લી આંખે શ્રીરામના અવશ્ય દર્શન થશે, પ્રભુપ્રાપ્તિનો આ સરળ ઉપાય છે."

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) **—શ્રી યોગેશ્વરજી**

'હું ઈક્ષ્વાકુવંશી ક્ષત્રિય મુચુકુન્દ છું. યુવનાશ્વનંદન મહારાજા માંધાતા મારા પિતા થાય. દેવતાઓને અસુરોની સામેના યુદ્ધમાં મેં વિજય અપાવેલો. એને લીધે આ એકાંત સ્થાનમાં સૂઇ રહેલો. કાલયવને મારી નિદ્રામાં ભંગ પાડીને ભયંકર અપરાધ કર્યો. એને એ અક્ષમ્ય અપરાધનો દંડ મળ્યો છે એ ઠીક જ થયું છે. એ સમાજમાં અનેક પ્રકારનાં કુકર્મો કરીને આતંક ફેલાવે છે. એમના નાશથી સમાજનું શ્રેય જ સધાશે.'

કૃષ્ણે મુચુકુન્દને આશીર્વાદ આપ્યો ત્યારે મુચુકુન્દે કહ્યું :

'મેં સંસારના રંગરાગોને જોઇ લીધા છે અને એને પરિણામે મારું મન એમની ઉપરથી ઉપરામ બન્યું છે. મારા દિલમાં હવે દુન્યવી ભોગો કે વિષયોની લાલસા નથી રહી. મારી ઇચ્છા એકાંતમાં રહીને તપશ્ચર્યા જ કરવાની છે. માટે મને આત્મશાંતિનો જ આશીર્વાદ આપો. આ કાલયવન તમારો નાશ કરવાની આકાંક્ષા સાથે તમારી પાછળ શા માટે પડેલો તે કહી બતાવશો?'

કૃષ્ણે કંસના નાશની કથા સંભળાવીને કહ્યું :

'કંસના નાશથી ક્રોધે ભરાયેલો જરાસંધ એનો બદલો લેવા મથુરા પર કેટલીય વાર આક્રમણ કરી ચૂક્યો છે. કાલયવન પણ એને મદદ કરવા જ આવેલો, પરંતુ એના પોતાના જ કુકર્મે નાશ પામ્યો.'

'જરાસંધ આક્રમણનો વિચાર છોડી દેશે ખરો?'



'એવું માની લેવાને કોઇ કરાણ નથી. હાર્યો જુગારી બમણું રમે તેમ એ દરેક વખતે વધારે ને વધારે ઝનૂનથી આક્રમણ કર્યા જ કરે છે ને છેવટ સુધી કરતો રહેશે. મથુરાની પ્રજા એ અનર્થકારક આક્રમણોથી કંટાળી ગઇ છે. જો કે એનો જુસ્સો ઘણો સારો છે તો પણ એના માથે ભય તો ઝઝૂમ્યા જ કરે છે.'

'એ સંજોગોમાં મારી એક નાનીસરખી પ્રાર્થના તરફ ધ્યાન આપશો? એ પ્રાર્થના પ્રેમ તેમજ પ્રજાહિતના ભાવથી પ્રેરાયલી છે.'

'કયી પ્રાર્થના?'

'તમારી અસાધારણ શક્તિનો ઉપયોગ કરીને જરાસંધનો વહેલી તકે નાશ કરો જેથી પીડિત પ્રજાને રાહત મળે, ને જો એ શક્ય ના હોય તો પછી મથુરાનો ત્યાગ કરીને થોડા વખતને માટે ક્યાંક બીજે વસો. તમે બળરામની સાથે મથુરાનો ત્યાગ કરશો તો મથુરાની પ્રજા આક્રમણમાંથી મુક્તિ મેળવશે. જરાસંધને મથુરાની જનતા માટે નહિ પરંતુ તમારે માટે વેરભાવ છે એ દેખીતું છે. પાછળથી ઉચિત અવસર જોઇને એના નાશનો પુરુષાર્થ કરી શકશો.'

કૃષ્ણે સ્મિતપૂર્વક કહ્યું :

'મેં એનો નિર્ણય ક્યારનોય કરી લીધો છે. મથુરાની પ્રજાને વધારે અશાંતિનો અનુભવ ના કરવો પડે એવી યોજના મેં કરી લીધી છે. એને અનુસરીને અમે થોડા જ વખતમાં બીજે રહેવા ચાલ્યા જઇશું. અમારું એ સ્થળાંતર સમજપૂર્વકનું અને સૌની સુખાકારી માટે હશે. ત્યાં રહીને પણ અમે લોકહિતના કાર્યમાં પ્રવૃત્ત રહીશું.'

મુચુકુન્દને આનંદ થયો. એ બોલ્યા :

'લોકહિતને માટે તો તમારો જન્મ છે એટલે જ્યાં હશો ત્યાંથી તમે લોકહિત તો કરતા જ રહેશો એવો મારો વિશ્વાસ છે. જગતને તમારા જેવા કર્મવીરોની આવશ્યક્તા છે. એવા કર્મવીરો ખરેખર વિરલ હોય છે જે બીજાનો જ વિચાર કરે, બીજાની સુખશાંતિ તથા સમૃદ્ધિની યોજના બનાવે, અને બીજાને સારું શ્વાસ લે. આવી સર્વોત્તમ લોકહિતભાવનાને માટે તમને હાર્દિક ધન્યવાદ ઘટે છે.'

મુચુકુન્દે કૃષ્ણના ચરણમાં નમસ્કાર કર્યા.

કૃષ્ણે એમનાં દર્શન બદલ આનંદ વ્યક્ત કરીને મથુરા તરફ પ્રયાણ કર્યું.

કાલયવનની વિશાળ સેના મથુરાપુરીને ઘેરીને પડેલી.

કાલયવને કૃષ્ણને પકડીને મૃત્યુના મુખમાં મોકલી દીધા હશે એવું માનીને એ નચિંત બનેલી.

મથુરાવાસીઓને એમની ચિંતા તો થતી જ હતી.

એમને સહીસલામત પાછા ફરેલા જોઇને સૌની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

કાલયવનના નાશના સમાચાર સાંભળીને એ અતિશય આનંદમાં આવી ગયા ને ઉત્સવ કરવા લાગ્યા.

એમણે કૃષ્ણને અનેકાનેક અભિનંદન આપ્યા.

પરંતુ કાલયવનના સૈનિકોની દશા ખૂબ જ વિપરીત થઇ.

એમનો ઉત્સાહ ઓસરી ગયો, જુસ્સો તૂટી ગયો, અને એ નિરુત્સાહ તથા નાહિંમત બની ગયો.

કૃષ્ણે સેનાની મદદથી એમને સહેલાઈથી હરાવી દીધા.

એ યુદ્ધમાં કાલયવનના અસંખ્ય સૈનિકોનો સંહાર થયો અને



જે થોડાઘણા બચ્યા તે જેમતેમ કરીને જીવ બચાવીને નાસી છૂટ્યા.

એ વિજય અત્યંત આનંદજનક થઇ પડ્યો, પરંતુ એ આનંદ એકદમ અસ્થાયી નિવડ્યો.

કાલયવનની વિશાળ સેનાના થોડાઘણા સૈનિકો પ્રાણરક્ષા માટે નાસી રહેલા ત્યારે જ જરાસંધ એક વાર ફરીથી મથુરા પર આક્રમણ કરવા માટે આવી પહોંચ્યો.

કૃષ્ણ અને બળરામે લેશ પણ ડર્યા કે ગભરાયા વિના પ્રજાને હિંમત આપી, એમની સુરક્ષાનો સંપૂર્ણ પ્રબંધ કર્યો, ને સુરક્ષાની જ એક અનિવાર્ય આવશ્યકતારૂપે જરાસંધની આગળથી જ બહાર નીકળીને નાસવા લાગ્યા.

એ જોઇને જરાસંધ હસવા લાગ્યો ને બોલ્યો :

'તારી બહાદુરીની કેટલીય વાતો મને આજ સુધી સાંભળવા મળી છે, એનો અનુભવ પણ મેં કરી લીધો છે, પણ તું આવો ડરપોક કે કાયર હોઈશ ને નાસવાની કળામાં પણ કુશળ હોઈશ તેની મને ખબર નહિ. કાલયવનની સામેથી પણ તું નાસી ગયેલો. ને પછી તેં એની એકલતાનો લાભ લઇને એને કપટથી મારી નાખ્યો. પરંતુ હું એવો મૂર્ખ નથી કે તારી જાળમાં ફસાઇ જઉં.

કાળયવનની દશાની ખબર હોવા છતાં પણ જરાસંધ કૃષ્ણ ને બળરામની પાછળ પડ્યો.

એમને પકડવા માટે એણે રથ અને સેના સાથે એનો પીછો પકડ્યો.

(ક્રમશઃ)